અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ જુલાઈ ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૧૩

વર્ષ : ૧૭
અંક : ૦૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### શુભમન ગિલથી શીખવું જોઇએ, એણે ભૂલો સુધારી



। (એજન્સી) બર્મિંગહામ, તા.૭ । ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચ ટેસ્ટ મેચની બીજી મેચમાં ભારતે ઈંગ્લેન્ડે ૩૩૬ રને પરાજય આપ્યો છે. આ મેચમાં સુકાની શુભમન ગીલે પ્રથમ ઈનિંગમાં ૨૬૯ રન અને બીજી ઈનિંગમાં ૧૬૧ રન નોંધાવ્યા હોવાથી, તેની ચોતરફ પ્રશંસા થઈ રહી છે. બીજીતરફ ઈંગ્લેન્ડની ટીમે નબળું પ્રદર્શન કરતા પૂર્વ સુકાની માઈકલ વૉને નિરાશા વ્યક્ત કરી છે. ટીમના વિસ્ફોટ બેટ્સમેન ઝેક ક્રોલીની ટીકા કરતા વૉર્ને કહ્યું કે, 'ક્રોલી સતત નિષ્ફળ પ્રદર્શન કરી રહ્યો છે, તેમ છતાં તે ભાગ્યશાળી છે કે, તેને ટીમમાં રમવાની તક મળી રહી છે.' આ સાથે વૉર્ને ક્રોલીને સલાહ આપી છે કે, તેણે શુભમન ગીલની બેટિંગ રણનીતીથી શીખવું જોઈએ અને પોતાની બેટિંગમાં સુધારો કરવો જોઈએ.'

### ટ્રમ્પે ભારત-ચીન સહિતના સભ્ય દેશોને આપી ધમકી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ । બ્રિક્સ દેશોના સંયુક્ત નિવેદનથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે. તેમણે ધમકી આપી છે કે તેઓ બ્રિક્સ સાથે ઉભા રહેલા કોઈપણ દેશ પર ૧૦% વધારાનો ટેક્સ લાદશે, જેની અમેરિકા વિરોધી નીતિઓ છે. આમાં કોઈ પણ દેશ અપવાદ રહેશે નહીં. બ્રિક્સ દેશોના નિવેદન તરફ મારું ધ્યાન દોરવા બદલ આભાર. ખરેખર, બ્રિક્સ દેશોએ ૧૭મા સમિટ દરમિયાન સંયુક્ત ઘોષણાપત્ર બહાર પાડ્યું છે. બ્રિક્સ દેશોએ સંયુક્ત ઘોષણામાં કહ્યું કે અમે ટેરિફ અને નોન-ટેરિફ વિકલ્પોના મનસ્વી ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરીએ છીએ. અમે વિશ્વમાં એક મુક્ત, સ્પર્ધાત્મક અને પારદર્શક વેપાર વ્યવસ્થા ઇચ્છીએ છીએ, જેમાં બધા દેશોને સમાન રીતે અને ભેદભાવ વિના વેપાર કરવાની મંજૂરી આપવામાં આવે. વિશ્વ વેપાર સંગઠને પણ આ દિશામાં કામ કરવું જોઈએ. આ સંયુક્ત નિવેદન પરોક્ષ રીતે અમેરિકા તરફ નિર્દેશિત હતું. ટ્રમ્પે વિશ્વના તમામ દેશોની વેપાર નીતિઓને અમેરિકા માટે હાનિકારક ગણાવી છે.

### ૧૭મા બ્રિક્સ સંમેલનને વડાપ્રધાન મોદીનું સંબોધન

# ગ્લોબલ સાઉથ વિના વૈશ્વિક સંસ્થાઓ નેટવર્ક વગરના સીમકાર્ડ જેવી : પીએમ મોદી

## ૨૦મી સદીનું ટાઈપરાઈટર ૨૧મી સદીના સોફ્ટવેરને ચલાવી શકે નહીં : વૈશ્વિક સંસ્થાઓ પર મોદીનો કટાક્ષ




। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ । રિયો ડી જેનેરિયો (બ્રાઝિલ): દુનિયામાં હાલ ચાલી રહેલા યુદ્ધો અને સંઘર્ષ રોકવામાં વૈશ્વિક સંસ્થાઓ નિષ્ફળ ગઈ છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વખત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના માળખામાં વ્યાપક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, ૨૧મી સદીના નિર્ણયોમાં ગ્લોબલ સાઉથની ભાગીદારી વધારવી અત્યંત જરૂરી છે. ગ્લોબલ સાઉથ વિના વૈશ્વિક સંસ્થાઓ નેટવર્ક વિનાના સમીકાર્ડ સમાન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રાઝિલના રિયો ડી જેનેરિયોમાં આયોજિત ૧૭મા બ્રિક્સ સંમેલનને સંબોધન કરતા કહ્યું કે, ૨૦મી સદીમાં બનેલી વૈશ્વિક સંસ્થાઓમાં દુનિયાની બે તૃતિયાંશ વસતીને આજ સુધી યોગ્ય પ્રતિનિધિત્વ મળી શક્યું નથી. જે દેશ આજની વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે તેમને નિર્ણય લેવાના ટેબલ પર જગ્યા નથી અપાઈ.પીએમ મોદીએ આ બાબતને માત્ર પ્રતિનિધિત્વનો સવાલ જ નથી ગણાવી, પરંતુ તેને આ સંસ્થાઓની વિશ્વસનીયતા અને અસરકારક્તા સાથે પણ જોડી છે. પોતાની વાતને સરળતાથી સમજાવતા પીએમ મોદીએ કહ્યું કે, ગ્લોબલ સાઉથ વિના વૈશ્વિક સંસ્થાઓ મોબાઈલ ફોનમાં સિમકાર્ડ તો હોય પરંતુ નેટવર્ક ના હોય તેવી સ્થિતિ સમાન છે.બ્રિક્સને સંબોધતા વડાપ્રધાન મોદીએ ગ્લોબલ સાઉથને સતત હાંસિયામાં રાખવાની વૈશ્વિક સંસ્થાઓની નીતિ પર પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું, વિકાસની વાત હોય કે સંશાધનોના વિતરણની કે સુરક્ષા સંબંધિત મુદ્દાની, ગ્લોબલ સાઉથના હિતોને પ્રાથમિક્તા અપાઈ નથી. ક્લાઈમેટ ફાઈનાન્સ, સતત વિકાસ અને ટેક્નોલોજી સુધી પહોંચ જેવા મુદ્દા પર ગ્લોબલ સાઉથને નામ માત્ર સિવાય કશું મળ્યું નથી.બ્રિક્સ બેઠકમાં ભાગ લેવા બ્રાઝિલ પહોંચતા પહેલા પીએમ મોદી આર્જેન્ટિનાના બે દિવસના પ્રવાસે હતા. વડાપ્રધાન મોદીએ આર્જેન્ટિનામાં પ્રમુખ ઝેવિયર માઈલીનો આભાર માન્યો હતો. માઈલીએ પહલગામ હુમલા વિરુદ્ધ ભારતનું સમર્થન કર્યુ હતું. વિદેશ સચિવ પી. કુમારને કહ્યું કે, પીએમ મોદીના પ્રવાસ પછી ભારત અને આર્જેન્ટિનાના સંબંધો ભવિષ્યમાં વધુ મજબૂત બનશે. પીએમ મોદી ૫૭ વર્ષ પછી આર્જેન્ટિનાની મુલાકાત લેનારા પહેલા ભારતીય વડાપ્રધાન હતા. મોદીએ આર્જેન્ટિનાના રાષ્ટ્રીય હિરો અને સ્વતંત્રતા સેનાની જનરલ હોસે ડી સૈન માર્ટિનને શ્રદ્ધાંજલિ આપી હતી. દક્ષિણ અમેરિકન દેશો આર્જેન્ટિના, ચીલી અને પેરુને આઝાદી અપાવનારા સેન માર્ટિનને મુક્તિદાતા પણ કહેવાય છે. પીએમ મોદી અને પ્રમુખ માઈલી વચ્ચે દ્વિપક્ષીય બેઠકમાં ખનીજ, વેપાર અને રોકાણ તથા ઊર્જા સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ચર્ચા થઈ હતી. આ સાથે તેમણે ડ્રોન ટેક્નોલોજી જેવા નવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે પણ ચર્ચા કરી હતી. (પીટીઆઈ) રિયો ડી જાનેરિયો: બ્રાઝિલમાં વિકાસશીલ અર્થતંત્રોના બ્રિક્સ સંગઠનની બે દિવસની બેઠકનું આયોજન કરાયું છે. બે દિવસની આ બેઠકમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના દેશો પર લાદેલા ઊંચા વેપાર ટેરિફ, ગાઝામાં માનવીય કટોકટી, ઈરાન પર ઈઝરાયેલના હુમલા જેવા મુદ્દાઓ પર ખૂબ જ સાવધાનીપૂર્વક ચર્ચા થવાની સંભાવના છે.

### હજુ ૪૧થી વધુ ગુમ, ૧૭૦૦થી વધુ ટીમ તહેનાત

# ટેક્સાસમાં વિનાશક પૂરે હોનારત સર્જી, ૮૧ના મોત

## ટેક્સાસના કેરવિલે, કમ્ફર્ટ, ઈન્ગ્રામ, હંટ, બોર્ને, ન્યૂ બ્રાઉનફેલ્સ, સેન માર્કોસ સહિતના શહેરો તારાજીનો ભોગ બન્યા છે



। (એજન્સી) ટેક્સાસ, તા.૭ । અમેરિકાના ટેક્સાસ હિલ કંટ્રીમાં ૪થી ૬ જુલાઈના રોજ આવેલા અતિભારે વરસાદના કારણે વિનાશક પૂરની તારાજી સર્જાઈ છે. વિનાશક પૂરના કારણે ૮૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૦ બાળકો સહિત ૪૧ જણ ગુમ છે. વાવાઝોડા સાથે ભારે વરસાદના કારણે કેર કાઉન્ટી, કોમલ કાઉન્ટી, હેય્સ કાઉન્ટી, બ્લેક્રો કાઉન્ટી, ગિલેસ્પી કાઉન્ટી, કેન્ડલ કાઉન્ટી સહિતના વિસ્તારો પાણીમાં ડૂબ્યા છે. ટેક્સાસના કેરવિલે, કમ્ફર્ટ, ઈન્ગ્રામ, હંટ, બોર્ને, ન્યૂ બ્રાઉનફેલ્સ, સેન માર્કોસ સહિતના શહેરો પર પૂરની તારાજીનો ભોગ બન્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટેક્સાસના ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારનું ભયાનક પૂર આવ્યું છે. મૃત્યુઆંક ૮૧ થયો છે. જેમાં ૨૮ બાળકો પણ સામેલ છે. ટેક્સાસમાં મિસ્ટિક સમર કેમ્પમાં આવેલી ૧૦ બાળકીઓ સહિત ૪૧ જણ ગુમ છે. વહીવટી તંત્ર તમામની શોધ અને બચાવ કામગીરી કરી રહ્યું છે. આ કેમ્પમાં ૭૫૦ બાળકીઓએ ભાગ લીધો હતો. જેમાં ઘણી પૂરમાં તણાઈ ગઈ છે. જ્યારે ચારના મોત થયા હોવાની સત્તાવાર પુષ્ટી થઈ છે. હજી પરિસ્થિતિ કાબૂમાં આવી નથી. જેથી મૃત્યુઆંક વધવાની ભીતિ છે. અમેરિકન મીડિયા રિપોર્ટ મુજબ, ટેક્સાસના હિલ કન્ટ્રી અને એડવર્ડ્સ પ્લેટુ પ્રદેશોમાં માત્ર ચાર કલાકમાં લગભગ ચાર મહિના જેટલો વરસાદ પડ્યો હતો. એવો અંદાજ છે કે શુક્રવારે આ વિસ્તારમાં લગભગ ૧.૮ લાખ કરોડ ગેલન વરસાદ પડ્યો હતું. કેર કાઉન્ટી અને આસપાસના વિસ્તારોમાં ૧૦થી ૧૫ ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે રાષ્ટ્રીય હવામાન સેવાએ ૮ ઈંચ વરસાદનો અંદાજ લગાવ્યો હતો. આ ભારે વરસાદને કારણે, ગુઆડાલુપ નદીનું સ્તર માત્ર ૪૫ મિનિટમાં ૨૬ ફૂટ સુધી વધ્યું હતું. જેના લીધે પૂરની તારાજી સર્જાઈ હતી. વહીવટીતંત્રના જણાવ્યા પ્રમાણે,૧૭૦૦થી વધુ ટીમો તહેનાત કરવામાં આવી છે.

### ટ્રમ્પની ધમકી મુદ્દે ચીનનો જવાબ

# ટેરિફથી કોઈને ફાયદો નહીં, ફક્ત પ્રેશર ઊભું કરવાનો પ્રયાસ છે



। (એજન્સી) બેઈજીંગ, તા.૭ । બ્રાઝિલમાં ચાલી રહેલા બ્રિક્સ શિખર સંમેલનમાં સામેલ દેશોએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા અને ટેરિફને લઈને અમેરિકાની ટીકા કરી હતી. ત્યાર પછી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા વિરોધી નીતિનું સમર્થન કરાનારા બ્રિક્સ દેશો પર ૧૦ ટકા વધુ ટેરિફ લગાવવાની ધમકી આપી હતી. હવે આ મુદ્દે ચીને પણ પ્રતિક્રિયા આપી છે. બ્રિક્સ દેશો પર ૧૦ ટકા વધુ ટેરિફ લગાવાની ટ્રમ્પની ધમકીની ચીને ટીકા કરી છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, ટેરિફથી કોઈને પણ લાભ થતો નથી. આ ફક્ત અન્ય દેશો પર દબાણ કરવાનો પ્રયાસ છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે, 'જે કોઈ દેશ BRICSની અમેરિકા વિરોધી નીતિઓ સાથે જોડાશે તેની પાસેથી વધુ ૧૦ ટકા ટેરિફ વસૂલાશે.'

### પંજાબમાં આતંક મચાવનારા હેપ્પી પાસિયાનું અમેરિકાથી પ્રત્યાર્પણ કરાશે

। નવી દિલ્હી, તા.૭ । આતંકવાદ સામેની જંગમાં ભારતને વધુ એક મોટી સફળતા મળી છે. ખાલિસ્તાની આતંકવાદી હેપ્પી પાસિયાને ટૂંક સમયમાં અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે તેવા અહેવાલ સામે આવ્યા છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. તાજેતરમાં ૨૬/૧૧ના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાને ભારત લાવવામાં આવ્યો હતો, જ્યાં તપાસ એજન્સીઓ તેની સતત પૂછપરછ કરી રહી છે.

### તહવ્વુર રાણાએ પાકિસ્તાન વિશે મોટો ખુલાસો કર્યો

# તહવ્વુર પાકિસ્તાની સેનાનો સૌથી વિશ્વાસુ એજન્ટ હતો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ । ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાએ પાકિસ્તાન વિશે મોટો ખુલાસો કર્યો છે. તહવ્વુરે કહ્યું છે કે તે પાકિસ્તાની સેનાનો સૌથી વિશ્વાસુ એજન્ટ હતો. તેણે એ પણ કબૂલાત કરી છે કે તે મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાના કાવતરામાં સામેલ હતો. તહવ્વુર હાલમાં ંદ્રેંછ ની કસ્ટડીમાં છે અને દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ તેની પૂછપરછ કરી રહી છે. તાજેતરની માહિતી અનુસાર, મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પૂછપરછ દરમિયાન, તહવ્વુરે ૨૦૦૮ના મુંબઈ હુમલા, પાકિસ્તાન અને ંજૈં વિશે ઘણા મોટા ખુલાસા કર્યા છે. તહવ્વુરે દાવો કર્યો હતો કે તે પાકિસ્તાની સેનાનો સૌથી વિશ્વાસુ એજન્ટ હતો અને ગલ્ફ વોર દરમિયાન સાઉદી અરેબિયામાં પોસ્ટેડ હતો. તહવ્વુરે એમ પણ કહ્યું કે તેણે પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા તાલીમ કેન્દ્રની ઘણી વખત મુલાકાત લીધી હતી.

### મેં સિસોદિયા કેસમાં યાદ અપાવ્યું : CJI ગવઈ

# જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે, જેને કોર્ટ ભૂલી ગઈ

## CJIએ કેરળ હાઈકોર્ટમાં આયોજિત જસ્ટિસ વીઆર કૃષ્ણ અય્યર મેમોરિયલ લેક્ચરમાં આ નિવેદન આપ્યું હતું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ । દેશના ચીફ જસ્ટિસ બીઆર ગવઈએ જામીન આપવા મુદ્દે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, જામીન એ નિયમ છે, અને જેલ અપવાદ છે. આ એક કાયદાકીય સિદ્ધાંત છે. તેનું પાલન કોર્ટમાં છેલ્લા દિવસોથી થઈ રહ્યુ નથી. CJIએ કેરળ હાઈકોર્ટમાં આયોજિત જસ્ટિસ વીઆર કૃષ્ણ અય્યર મેમોરિયલ લેક્ચરમાં આ નિવેદન આપ્યું હતું. CJI બીઆર ગવઈએ કહ્યું કે, જામીન એ નિયમ છે, અને જેલ અપવાદ. આ સિદ્ધાંત ભૂલવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ મેં મનિષ સિસોદિયા, કે. કવિતા, અને પ્રબિર પુરકાયસ્થ મામલે આ સિદ્ધાંતને પુનઃજીવિત કર્યો હતો. જસ્ટિસ કૃષ્ણ અય્યરનું પણ માનવું હતું કે, અંડરટ્રાયલ લોકોને જેલમાં રાખવા જોઈએ નહીં. ટ્રાયલ વિના લાંબો સમય સુધી જેલમાં રાખવાનો નિર્ણય યોગ્ય નથી. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બીઆર ગવઈએ આગળ કહ્યું કે, ભારતીય ન્યાયપાલિકામાં જસ્ટિસ કૃષ્ણ અય્યરની ઓળખ લીકથી અલગ કામ કરવાના લીધે છે. તેમણે અનેક એવી ચીજો લાગુ કરી છે, જે પરંપરાઓની જેમ ચાલી આવતી હતી. તેમણે આ સિદ્ધાંત પર પણ ભાર મૂક્યો હતો કે, જામીન અધિકાર છે, જેલ અપવાદ છે.

### ICC એ સંજોગ ગુપ્તાને CEO તરીકે નિયુક્ત કર્યા

# સંજોગ ગુપ્તાએ સીઈઓ તરીકે જવાબદારી સંભાળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ । એક મોટો નિર્ણય લેતા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ સંજોગ ગુપ્તાને તેના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે નિયુક્ત કર્યા છે. સંજોગ ગુપ્તાએ સોમવાર, ૭ જૂલાઈથી આ જવાબદારી સંભાળી છે. સંજોગે ઓસ્ટ્રેલિયાના જ્યોફ એલાર્ડિસનું સ્થાન લીધું છે, જે વર્ષ ૨૦૨૧થી આ પદ પર હતા. સંજોગ ICCના સાતમા CEO છે અને મનુ સાહની પછી આ જવાબદારી સંભાળનારા તેઓ બીજા ભારતીય છે. સંજોગ ગુપ્તા હાલમાં જિયોસ્ટારમાં CEO (સ્પોર્ટ્સ અને લાઈવ એક્સપિરિયન્સ) તરીકે કાર્યરત છે. સંજોગે ભારતમાં રમતગમતના ડિજિટલ અને ટીવી પ્રસારણને નવી દિશા આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

સંજોગ ગુપ્તાએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL), ICC ટુર્નામેન્ટ્સ, પ્રો કબડ્ડી લીગ (PKL) અને ઈન્ડિયન સુપર લીગ (ISL) જેવી મોટી રમતગમતની ઈવેન્ટ્સને લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સંજોગ ગુપ્તાએ પત્રકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને વર્ષ ૨૦૧૦માં સ્ટાર ઈન્ડિયામાં જોડાયા હતા. બાદમાં તેમણે ડિઝની-સ્ટારના રમતગમતના વડા તરીકે સેવા આપી હતી.

### ટ્રમ્પની દરેક વાત નહીં માનવામાં આવે!

# ભારતનો અમેરિકાને જોરદાર જવાબ, મીની ટ્રેડ ડીલ અમારી શરતો પર થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ । ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી મીની ટ્રેડ ડીલ વાટાઘાટો હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગઈ છે. પરંતુ ભારતે સ્પષ્ટ કર્યું છે કે આ ડીલ ફક્ત અમેરિકાની શરતો પર રહેશે નહીં. કૃષિ અને ડેરી જેવા સંવેદનશીલ ક્ષેત્રોને આ ડીલથી દૂર રાખવામાં આવશે અને ભારત તેની સ્થાનિક પ્રાથમિકતાઓ સાથે કોઈ સમાધાન કરશે નહીં. જો સૂત્રોનું માનીએ તો, આ ડીલ હવે અંતિમ તબક્કામાં છે અને ૯ જુલાઈ પહેલા તેની જાહેરાત થવાની સંભાવના છે. આ તે જ તારીખ છે જ્યારે યુએસ દ્વારા રિવર્સ ટેરિફ પર ૯૦ દિવસનો પ્રતિબંધ સમાપ્ત થઈ રહ્યો છે. જો કરાર ન થાય, તો ભારતમાંથી યુએસ બજારમાં મોકલવામાં આવતા માલ પર ૨૬% સુધીની ડ્યુટી લગાવવામાં આવી શકે છે, જેનાથી ભારતીય નિકાસકારોને ભારે નુકસાન થઈ શકે છે. અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ એક મર્યાદિત અને વચગાળાનો કરાર હશે, જેમાં ફક્ત માલસામાન વેપારનો સમાવેશ થશે. સેવા ક્ષેત્ર, કૃષિ અને ડેરી જેવા જટિલ અને વિવાદાસ્પદ મુદ્દાઓ પછીની વાતચીત માટે છોડી દેવામાં આવ્યા છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, આ એક શરૂઆતની ડીલ છે. જો કેટલાક મુદ્દાઓ ઉકેલાઈ જાય, તો ભવિષ્યમાં નવી ડીલ થઈ શકે છે. ભારત આ ડીલને તેની ઔદ્યોગિક શક્તિ અને સ્થાનિક ખેડૂતોના હિત વચ્ચે સંતુલન સાથે જોઈ રહ્યું છે. સરકાર કાપડ, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય ઉત્પાદનો માટે યુએસ બજારમાં સરળ પ્રવેશ ઈચ્છે છે.

### પાકિસ્તાની હોવાની આશંકા, નેવી એલર્ટ

# મહારાષ્ટ્રમાં દરિયા કાંઠે શંકાસ્પદ બોટ મળતાં હડકંપ

। (એજન્સી) મુંબઈ, તા.૭ । પોલીસ અને સમુદ્રી સુરક્ષા એજન્સીઓએ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના રેવદાંડા દરિયા કાંઠે એક શંકાસ્પદ બોટની તલાશ શરૂ કરી છે, જે પાકિસ્તાની માછીમારી બોટ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, અધિકારીઓએ સોમવારે આ જાણકારી આપી. એક અધિકારીએ જણાવ્યું કે, રવિવારે રાત્રે ભારતીય નૌકાદળની રડાર પર આ બોટ રેવદાંડામાં કોરલાઈ દરિયા કાંઠેથી લગભગ બે નોટિકલ માઈલ દૂર જોવા મળી હતી. તેમણે કહ્યું કે, તે 'કદાચ પાકિસ્તાની માછીમારી બોટ' હોઈ શકે છે, પરંતુ બોટ વિશે માહિતી મળ્યા બાદ જ તેની ઓળખ અને અન્ય વિગતોની પુષ્ટિ થઈ શકશે. એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતુ કે, પ્રાથમિક માહિતી પ્રમાણે એવી શંકા છે કે બોટ રાયગઢ દરિયા કાંઠા સુધી આવી ગઈ હશે. બોટ દેખાયા બાદ રાયગઢ દરિયા કાંઠે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું કે, સૂચના મળ્યા બાદ રાયગઢ પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ક્વિક રિએક્શન ફોર્સ, નેવી અને કોસ્ટ ગાર્ડના જવાનો રાત્રે ઘટનાસ્થળે પહોંચ્યા અને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ હતું.

### સડસડાટ દોડતી ટ્રેન આવી, દ્રશ્યો જોઈને હચમચી જશો!

# રીલ બનાવવા માટે છોકરો રેલવેના પાટા પર સૂઈ ગયો

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૭ । સોશિયલ મીડિયાની લત લોકોમાં એટલી હદે લાગી ગઈ છે કે, હવે લોકોએ likes અને views માટે પોતાની જિંદગી સાથે રમત રમવાનું શરૂ કરી દીધું છે. વાયરલ થવાની હોડમાં આજના યુથને સલામતીની કોઈ કિંમત નથી. તેઓને બસ સોશિયલ મીડિયામાં 'હીરો' દેખાવું છે, ભલે તેના માટે જીવનું જોખમ કેમ ન ઉઠાવું પડે. હાલમાં એવો જ એક હેરાન કરી દેતો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક સગીર છોકરો માત્ર રીલ બનાવવાના ચક્કરમાં રેલવેના પાટા પર સૂઈ જાય છે, જ્યાં થોડી જ પળોમાં ધડધડાટ કરતી ટ્રેન તેના ઉપરથી પસાર થાય છે. આ વીડિયોને ઠ પર telugu Scribe નામના હેન્ડલથી શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે, એક છોકરો રેલવે પાટા પર સૂઈને ટ્રેન આવવાની રાહ જુએ છે, જ્યારે બીજો છોકરો તેનો વીડિયો રેકોર્ડ કરી રહ્યો છે. થોડી જ પળોમાં ટ્રેન આવે છે તો છોકરો ઝડપથી પાટા પર સૂઈ રહેલા બાળકના ઉપરથી પસાર થઈ જાય છે. આ દરમિયાન વીડિયો રેકોર્ડ કરી રહેલા છોકરાને બેકગ્રાઉન્ડમાં શોરબકોર કરતો સાંભળી શકાય છે. તે હિંમત વધારવા જાણે નારા લગાવતો હોય. આ વીડિયો ઓડિશાના બૌધ જિલ્લાનો હોવાનું કહેવાય છે. જો કે, આ વીડિયો સામે આવ્યા બાદ અધિકારીઓએ ૩ છોકરાઓને કસ્ટડીમાં લીધા છે અને તેમની પૂછપરછ હાથ ધરી છે. આ વીડિયો સામે આવ્યા ઘણા લોકો ગુસ્સે ભરાયા છે.





કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટિલના હસ્તે SMC સંચાલિત સ્મીમેર હોસ્પિટલ ખાતે ૧૨૮ સ્લાઈસ સીટી સ્કેન મશીન અને ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. મશીન ટર્ન કીનું લોકાર્પણ કરાયું હતું

## વડોદરામાં એન્જિયરિંગના વિદ્યાર્થીએ ૮મા માળેથી કૂદી આપઘાત કર્યો

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

રાજ્યમાં હત્યા, મારામારી, આપઘાતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે વડોદરામાં એન્જિયરિંગના વિદ્યાર્થીએ ૮મા માળેથી કૂદીને આપઘાત કર્યો છે. વિદ્યાર્થી MS યુનિવર્સિટીમાં મિકેનિકલ એન્જિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. બનાવ અંગે જાણ કરતાં પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. વિદ્યાર્થીએ ક્યાં કારણોસર આપઘાત કર્યો તેને લઈને કોઈ માહિતી સામે આવી નથી, ત્યારે પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, વડોદરાના અક્ષર ચોકમાં આવેલી ૮ માળની મેપલ વિસ્ટા બિલ્ડીંગ પરથી MS યુનિવર્સિટીમાં મિકેનિકલ એન્જિયરિંગના ૨૨ વર્ષીય વિદ્યાર્થીએ પડતુ મુકીને જીવન ટૂંકાવ્યો હોવાની ઘટના સામે આવી છે. વિદ્યાર્થી આપઘાત કરવા જતાં એક વ્યક્તિને ધ્યાને આવ્યા બાદ પોલીસે જાણ કરી હતી.

## નવસારી-વલસાડમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

રાજ્યમાં આ વર્ષે ધમાકેદાર રીતે ચોમાસાની શરુઆત થઈ છે. આજે પણ વહેલી સવારથી જ અનેક જિલ્લાઓમાં મેઘરાજા જોરદાર બેટિંગ કરી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં વરસાદને લઈ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આવતીકાલે સોમવારે રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદનું અનુમાન છે. કાલે નવસારી અને વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગ મજુબ ૭ જૂલાઈ સોમવારના દિવસે અમરેલી, ભાવનગર, સુરત, તાપી અને ડાંગમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. આ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે નવસારી, વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

# અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં 'બેગલેસ ડે'ની ઉજવણી કરવામાં આવી

। અમદાવાદ, તા.૭ ।

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં શનિવારના દિવસે 'બેગલેસ ડે'ની જાહેરાત કરવામાં આવી છે. જાહેરાત બાદના પ્રથમ શનિવારે અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ઉત્સાહભેર 'બેગલેસ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો વિના શાળામાં આવવાનો અનોખો અનુભવ કરાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક દબાણ ઘટાડવો, સર્જનાત્મકતા વિકસાવવી અને પ્રયોગશીલ શિક્ષણ પદ્ધતિઓ દ્વારા આનંદમય શિક્ષણનો અનુભવ કરાવવાનો 'બેગલેસ ડે'નો મુખ્ય હેતુ છે.

'બેગલેસ ડે' અંતર્ગત અમદાવાદ જિલ્લાના



તાલુકાઓની વિવિધ શાળાઓમાં નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ માસ ડ્રીલ : શારીરિક કસરતો, પી.ટી ટ્રેનિંગ, શિસ્તબધ્ધ હલન ચલન

★ યોગ : સરળ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાન

★ બાલસભા : સંસ્કૃતિ અને કલા સાથે જોડવા માટે સાંસ્કૃતિક પ્રવૃતિઓ, લોક નૃત્ય, ગીતો, નાટકો, વાર્તાકથન, અભિનય, વેશભૂશા

★ શૈક્ષણિક રમતો : ઈન્ડોર, આઉટડોર રમતો, ગણિત, વિજ્ઞાન, ભાષા અને અન્ય વિષય સબંધિત રમતો

★ પ્રોજેક્ટ્સ : જૂથ કે વ્યક્તિગત પર કાર્ય, પર્યાવરણ, વિજ્ઞાન સરળ પ્રયોગો, કલા આધારિત

★ ચિત્રકામ : વિવિધ વિષયો પર મુક્તપણે ચિત્રકામ

★ સંગીત : ગીતો ગાવા, વિવિધ સંગીતના સાધનો વગાડવા, ગીત-સંગીતના કાર્યક્રમો

★ ગામના નજીકના સ્થળોની મુલાકાત : સ્થાનિક અને સમુદાય સાથે જોડાણ ઐતિહાસિક સ્થળો, ખેતરો, તળાવ, ટપાલ કચેરી, બેંક, પોલીસ સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર, પંચાયત, દૂધ મંડળી, નાના ઉદ્યોગોની મુલાકાત

જિલ્લાની શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઘણાં વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે બેગલેસ ડેના કારણે આજે તેમને શાળા વધુ રસપ્રદ અને આનંદદાયી લાગી.

શિક્ષકોના કહેવા અનુસાર, આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત લાભદાયી છે. બેગલેસ ડેના સફળ આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારી, તાલુકા શિક્ષણાધિકારીશ્રી, તાલુકા બી.આર.સી.કો.ઓ.શ્રી અને શાળાના આચાયશ્રીઓનું ખાસ યોગદાન રહ્યું હતું. આગામી સમયમાં આ નવીન અભિગમ શિક્ષણક્ષેત્રમાં બાળકોના સર્વાંગી વિકાસની નવી દિશા ચીંધનારો સાબિત થશે.

## ભારે વરસાદ થતા દ. ગુજરાતની નદીઓ ભયજનક સપાટીએ

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

નવસારી શહેરમાં ચોમાસાની સિઝનમાં પ્રથમ વખત પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. સંપૂર્ણા નદીમાં સતત પાણીની આવકથી જળસ્તર ૨૩ ફૂટની ભયજનક સપાટી વટાવી ગયું છે, જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ છે. ભેંસત ખાડા વિસ્તારમાં ૨૫થી વધુ ઘરોમાં પાણી ઘૂસી ગયું છે અને સ્થિતિ ગંભીર બનતાં સ્થાનિકોએ ભેંસત ખાડા વિસ્તારમાં આવેલા મંદિરમાંથી ગોટલી માતા અને ભક્તિ માતાની મૂર્તિઓને સુરક્ષિત સ્થળે ખસેડી દીધી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભેંસત ખાડા, ગધેવાન, રીંગરોડ, બંદર રોડ સહિતના વિસ્તારોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને નીચાણવાળા વિસ્તારોના રહીશો હંમેશાં સાવચેત રહેવાની સૂચના અપાઈ છે. જિલ્લા તંત્રએ અફવાઓ પર વિશ્વાસ ન રાખવાની અને સત્તાવાર માહિતી ઉપર આધાર રાખવાની અપીલ કરી છે. હાલ તંત્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને આગામી સમય માટે પણ ચિંતાજનક સ્થિતિ બની શકે છે જો વરસાદ ચાલુ રહેશે. ઉપરવાસમાં પડી રહેલા વરસાદના કારણે ગણદેવી તાલુકામાંથી પસાર થતી વેંગણીયા ખાડીમાં પાણીની ભરપૂર આવક થઈ છે. વેંગણીયા ખાડીના પાણી ગણદેવી રિવરફ્રન્ટ સુધી પહોંચ્યા. નવસારીમાં ઉપરવાસમાં વરસાદથી પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીની સપાટીમાં વધારો થયો. અંબિકા નદીની સપાટી ૨૩ ફૂટ પર પહોંચી. જે બાદ તંત્ર દ્વારા શહેરના નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા. વરસાદને પગલે જિલ્લાના ૮૦થી વધુ રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા. જે પૈકી વાંસદામાં સૌથી વધુ ૨૮ રસ્તાઓ બંધ થયા છે. રાજ્યમાં સતત ચોથા દિવસે મેઘરાજા મૂશળધાર સવારી જોવા મળી. પાછલા ૧૨ કલાકમાં રાજ્યના ૧૭૬ તાલુકાઓ મેઘ મહેર જોવા મળી.

## ન્યૂઝીલેન્ડના વિઝાના નામે રામપાલ દંપતીએ રૂપિયા ૨૪.૫૦ લાખ પડાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાતીઓનો વિદેશમાં સેટલ થવાનો ક્રેઝ ભારે છે તેનો વિઝા કન્સલ્ટન્ટ ગેરલાભ ઊઠાવી રહ્યા છે ત્યારે જ અમદાવાદના એક યુવક અને એક યુવતીને ન્યૂઝીલેન્ડના વિઝા અપાવાનું કહી, કોમ્પ્યુટર પર વિઝાની કોપી બતાવી શ્યામલ ચાર રસ્તા ખાતેના હાઈ ફલાયર ઈમિગ્રેશનના આલોક રામપાલ અને લક્ષ્મી રામપાલે ૨૪.૫૦ લાખનો ચૂનો લગાવ્યો હતો. આ અંગે તેમણે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે.

રામપાલ દંપતીએ અન્ય કોઈને ચૂનો લગાવ્યો હતો કે કેમ તેની પણ તપાસ ચાલી રહી છે.સરખેજમાં રહેતા નિકુંજ પ્રજાપતિ ખાનગી કંપનીમાં લેબ ટેકનિશિયન તરીકે કામ કરે છે. તેમણે ફરિયાદ નોંધાવી છે કે તેને અને તેની મિત્ર દિશા પટેલને ન્યૂઝીલેન્ડ વર્ક પરમિટ વિઝા પર જવું હતું. તેથી તેમને એક મિત્ર દ્વાર મળેલા રેફરન્સને આધારે નવેમ્બર ૨૦૨૩ માં શ્યામલ ચાર રસ્તા ખાતે આવેલી હાઈ ફલાયર ગ્લોબલ ઈમિગ્રેશન સર્વિસનો સંપર્ક કર્યો હતો. સંચાલક આલોક રામપાલ અને તેની પત્ની લક્ષ્મી રામપાલ (બન્ને રહે. જી-૮૦૨ ક્લાઉડ નાઈન, નહેરુનગર) હતા.આલોક અને લક્ષ્મીને નિકુંજ અને દિશાને ન્યૂઝીલેન્ડની વર્ક પરમિટના કુલ ૨૬.૫૦ લાખ ખર્ચ થશે તેવું જણાવ્યું હતું. જે બાદ પ્રોસેસ શરૂ કરી ત્યારે ટુકડે ટુકડે પૈસા લેવાનું શરૂ કર્યુ હતું.

## રૂપિયા ૨૯ લાખની ઠગાઈ થતાં રણાસણના યુવકનો આપઘાત

। (એજન્સી) વિજાપુર, તા.૭ ।

વિજાપુર તાલુકાના રણાસણ ગામે રહેતા અને કમાલપુરના વતની યુવકને ઓસ્ટ્રેલિયા મોકલવા માટે રૂ.૨૯ લાખ રૂપિયા લઈને મોતીપુરના શખ્સે છેતરપિંડી આચરતાં માનસિક તણાવ અનુભવતા યુવકે ઝેરી દવા પીને જીવન ટૂંકવી દેતાં સ્યુસાઈડ નોટના આધારે વિજાપુર પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિજાપુર તાલુકાના રણાસણ ગામે રહેતાં રેખાબેન રાકેશભાઈના પુત્ર હર્ષિતને ઓસ્ટ્રોલિયા જવાનું હોઈ તેના કામ માટે વિજાપુરના મોતીપુરા ગામના ધાર્મિક સુરેશભાઈ પટેલને રૂ.૨૯ લાખ તેણે આપ્યા હતા અને ધાર્મિકે ૬ મહિનામાં ઓસ્ટ્રેલિયા મોકલવાની વાત કરી હતી. પરંતુ સમય થવા છતાં તેણે હર્ષિતને ઓસ્ટ્રેલિયા મોકલ્યો નહોતો તેમજ રૂ.૨૯ લાખ પણ પરત આપતો ન હોવાથી હર્ષિતે માનસિક તણાવમાં આવી જઈ ઝેરી દવા પી લેતાં સારવાર માટે વિજાપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## સગીરાનું ફેક એકાઉન્ટ બનાવી વાંધાજનક વીડિયો અપલોડ કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

સાયબર વિકૃતો મહિલાઓ અને યુવતિઓના આપત્તિજનક ફોટા કે મોર્ફ કરેલા ફોટા વાયરલ કરી તેમને બદનામ કરવાના પ્રયાસ કરતા હોય છે. ત્યારે જ શહેરની સગીરાનું કોઈ વિકૃતે ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવ્યું અને પ્રોફાઈલ ફોટો સગીરાનો મુક્યો અને તે વિકૃત વીડિયો ફોટો અપલોડ કરી સગીરાને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જે અંગે સગીરાના પિતાએ પોલીસ ફરીયાદ કરતાં સાયબર ક્રાઈમબ્રાંચે ફરિયાદ નોંધીને વધુ તપાસ આદરી છે .વિચિત્ર બનાવની જાણવા મળતી વિગતો એવી છે કે નદી પારના એક વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે. તે થોડા દિવસ પહેલા જ્યારે નિત્યક્રમ મુજબ ટ્યુશનમાં ગઈ ત્યારે તેના મિત્રોએ તેને પૂછ્યું હતું કે તેણે ઈન્સ્ટાગ્રામ પર બીજું કોઈ આઈડી બનાવ્યું છે કે નહીં. ત્યારે સગીરાએ ના પાડી હતી.

જે બાદ સગીરાએ તેના નામથી સર્ચ કરીને તપાસ કરી તો તેના નામનું જ એક ફેક આઈડી ઈન્સ્ટાગ્રામમાં હતું. જેમાં સગીરાના નામનો ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં સગીરાનો જે પ્રોફાઈલ ફોટો હતો તે જ ફોટો ફેક આઈડીમાં પણ ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. આઈડીમાંથી એક સ્ટોરી મૂકવામાં આવી હતી જેમાં લખવામાં આવ્યું હતું કે જૂનું આઈડી હેક થઈ ગયું છે જેથી જૂના આઈડી પર કોઈ રીપ્લાય આપતા નહીં. બીજી પણ સ્ટોરી મૂકવામાં આવી હતી જેમાં ન્યુડ ફોટોવાળી સ્ટોરી હતી. સગીરાને આ અંગે જાણ થતા તેણે તેના પિતાને જાણ કરી હતી.જેથી સગીરાના પિતાએ સાઈબર ક્રાઈમમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.અમદાવાદ સાયબર ક્રાઈમબ્રાંચના સિનિયર અધિકારીઓ જણાવી રહ્યા છે કે સોશીયલ મિડીયાનો ઉપયોગ કરતી વખતે કોઈ આપણા ફોટાનો ઉપયોગ કરી શકે નહિ તે માટેને સિક્યુરીટી લોક રાખો. પાસવર્ડ સ્ટોંગ રાખો અને ચોક્કસ સમય બદલવાનું રાખવું જરૂરી છે. આ ઉપરાંત કોઈ વિકૃત આપણું ફેક એકાઉન્ટ બનાવી બદનામ કરાવાનો પ્રયાસ કરે તો ચોક્કસ આવા તત્વો સામે પોલીસ ફરિયાદ પણ કરવી જોઈએ. પોતાના નામના ભળતા નામ વાળા ફેક એકાઉન્ટ બની ગયા છે કે કેમ તેની પણ થોડી તકેદારી રાખવી જરૂરી છે.

**વિશેષ**

### આપણે જે કર્મ કરીએ છીએ, તે જ આપણા સુખ કે દુઃખનું કારણ બને છેઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

# પ્રાણીમાત્ર પ્રત્યે દયા, કરુણા અને સહિષ્ણુતાની ભાવના રાખવી, મન, વચન અને કર્મથી કોઈ વિશે ખરાબ ન વિચારવું એ જ સાચી અહિંસા છેઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) ગાંધીનગર ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, જેના સિદ્ધાંતોને ધારણ કરવાથી આપણે પણ સુખી થઈએ અને આપણા સંપર્કમાં આવનાર અન્યને પણ સુખી કરીએ તેને જ સાચો ધર્મ કહેવાય છે. આ દુનિયામાં ફક્ત ધર્મ જ છે જે, માણસને અન્ય પશુ પક્ષીઓથી જુદો પાડે છે.

ગાંધીનગરના કોબા સ્થિત પ્રેક્ષા વિશ્વભારતી ખાતે આચાર્ય શ્રી મહાશ્રમણજીના ચતુર્માસ પ્રવેશ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ચતુર્માસ દરમિયાન સાધુ સંતો એક જ જગ્યાએ રોકાણ કરે છે અને લોકો સાથે શાસ્ત્રો તથા આત્મા-પરમાત્મા વિષે ચર્ચા કરે છે તથા લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરીને આત્માના વિકાસનો માર્ગ આપે છે. આપણા સૌ માટે આનંદની વાત છે કે, આચાર્ય પ્રવર શ્રી મહાશ્રમણજી ચાર મહિના અહીં રહેશે. આપણે તેમના જ્ઞાનનો લાભ અવશ્ય લેવો જોઈએ.





રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું હતું કે, મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં આત્માની ઉન્નતી માટે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનો માર્ગ બતાવ્યો છે. જેમાં યમમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાભૂતની વાત કરવામાં આવી છે. જે આત્માની ઉન્નતીનો રસ્તો બતાવે છે. આ પાંચ મહાભૂતો સમગ્ર દુનિયામાં બધા માટે સમાન રીતે લાગુ પડે છે. મનુષ્યના આત્માના વિકાસ માટે આ પાંચ સિદ્ધાંતો જરૂરી છે. આપણું જીવન માત્ર ખાવા, પીવા અને જીવવા માટે નથી, જીવનનો સાચો ઉદ્દેશ્ય આત્માની ઉન્નતિમાં છે. જીવનનું અંતિમ લક્ષ્ય આત્માનો વિકાસ કરીને મોક્ષ પ્રાપ્ત કરવાનું છે.

અહિંસાની વ્યાખ્યા આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાણીમાત્ર પ્રત્યે દયા, કરુણા અને સહિષ્ણુતાની ભાવના રાખવી, મન, વચન અને કર્મથી કોઈ વિશે ખરાબ ન વિચારવું એ જ સાચી અહિંસા છે. અહિંસાના સિધ્ધાંત વિના આ દુનિયા ટકી શકે નહીં.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું કે, જે વ્યક્તિ અહિંસા, દયા અને સહિષ્ણુતાને પોતાના જીવનમાં ઉતારે છે, તેના માટે જ આધ્યાત્મનો રસ્તો ખુલે છે. સાધુ સંતોનું જીવન પરોપકાર માટે હોય છે. આચાર્ય શ્રી મહાશ્રમણજીએ દેશભરમાં ૬૦ હજાર કિલોમીટરથી વધુ ચાલીને યાત્રા કરી છે. ગામે-ગામ જઈને લોકો વચ્ચે રહે છે, લોકોને ઉપદેશ આપે છે. યુવાનોને વ્યસન મુક્ત કરવાનું કાર્ય કરે છે. પ્રકૃતિને બચાવવા વૃક્ષારોપણ અભિયાન ચલાવે છે. આ ઉપરાંત માનવ મૂલ્યના મૂળભૂત સિદ્ધાંતોને બચાવવા કાર્ય કરી રહ્યા છે, જે ખૂબ પ્રશંસાને પાત્ર છે.

આ પ્રસંગે આચાર્ય શ્રી મહાશ્રમણજીએ ધર્મની વ્યાખ્યા સમજાવતાં કહ્યું કે, ધર્મના ત્રણ પ્રકાર છે, અહિંસા, સંયમ અને તપ સૌથી ઉત્કૃષ્ટ ધર્મ છે. પ્રાણી માત્ર પ્રત્યે અહિંસાની ભાવના, મૈત્રીપૂર્ણ વ્યવહાર, તમામ પ્રાણીઓને આપણા સમાન માનવા એ જ સાચો ધર્મ છે. જે વ્યવહાર આપણા માટે પ્રતિકૂળ છે, તેવો વ્યવહાર અન્ય સાથે કરવો જોઈએ નહીં. આપણને સુખ ગમે તો અન્યને પણ સુખ જ ગમે, આપણે અપમાન સહન ન કરી શકીએ તો કોઈનું અપમાન ન કરવું જોઈએ. આપણે જે અન્ય પાસેથી ચાહિયે છીએ તેવું વર્તન આપણે બીજા સાથે કરીએ તે જ સાચી અહિંસા છે.

આચાર્ય શ્રી મહાશ્રમણજીએ વધુમાં કહ્યું કે, સાચો ધર્મ મનુષ્યને ઉન્નત કરીને જીવનને પવિત્ર બનાવે છે. જૈન ધર્મમાં ચતુર્માસનું વિશેષ મહત્વ છે, જેમાં સાધુ સંતો એક જ સ્થાન પર રહી ચાર મહિના સુધી સાધના કરે છે અને લોકોને ઉપદેશ આપે છે. આ પરંપરા ભારતનો અમૂલ્ય આધ્યાત્મિક વારસો છે. આ અવસરે આપણે સૌએ સાચા ધર્મને અપનાવીને સમગ્ર દુનિયા માટે સુખ શાંતિનો રસ્તો બનાવવો જોઈએ.

આચાર્ય શ્રી મહાશ્રમણજીના ચતુર્માસ પ્રવેશ કાર્યક્રમમાં મુખ્ય મુની શ્રી મહાવીર કુમાર, સાધ્વી પ્રમુખા, સાધ્વી વર્યા, આમંત્રિત મહેમાનો, મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં જૈન ધર્મના અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### OLA-UBER જેવી કેબમાં ૮ વર્ષથી જૂનું વાહન નહીં ચલાવી શકાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

માર્ગ પરિવહન મંત્રાલયે કેબ એગ્રિગેટર્સ માટે મહત્ત્વની મોટર વ્હિકલ એગ્રિગેટર (સ્ફછ્ટ ૨૦૨૫) ગાઈડલાઈન્સ ૨૦૨૫ વિગતવાર જાહેર કરી છે. જેમાં ઓલા, ઉબેર, રેપિડો સહિતના કેબ એગ્રિગેટર પર હવેથી આઠ વર્ષથી જૂના વાહનોના ઉપયોગ પ્રતિબંધ લાદ્યો છે. નવી ગાઈડલાઈન મુજબ, કેબ એગ્રિગેટર્સ પોતાના સંચાલનમાં આઠ કે તેથી વધુ વર્ષ જૂના વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં. આઠ કે તેથી વધુ વર્ષ જૂના રજિસ્ટર્ડ વાહનોનું રજિસ્ટ્રેશન રદ કરવુ પડશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, તમામ એગ્રિગેટરે વાહનની રજિસ્ટ્રેશન તારીખથી આઠથી વધુ વર્ષ જૂના વાહનોના રજિસ્ટ્રેશન રદ કરવા પડશે. તેમજ આગળ પણ આ પ્રકારના વાહનોની નોંધણી ન થાય તેનું ધ્યાન રાખવુ પડશે. વધુમાં મોટર વ્હિકલની અંદર ડ્રાઈવરનું લાઈસન્સ અને મોટર વ્હિકલ પરમિટનો પુરાવો પણ દેખાય તે રીતે લગાવવો ફરિજ્યાત છે. ગાઈડલાઈન્સમાં આગળ જણાવ્યું હતું કે, કેબની અંદર ડ્રાઈવરનું લાઈસન્સ તેમજ મોટર વ્હિકલ પરમિટનો પુરાવો બતાવવો ફરિજ્યાત છે. જો કે, મોટરસાયકલમાં આ નિયમ ફરિજ્યાત નથી. ડ્રાઈવરની બાજુમાં આવેલી ફ્રન્ટ સીટની પાછળ આ પુરાવા સ્પષ્ટપણે વંચાય તે સ્થિતિમાં લગાવવાના રહેશે.

### પોલીસ કોન્સ્ટેબલને ઘરે બેઠા મળી ગયો ૨૮ લાખ પગાર

। (એજન્સી) ભોપાલ, તા.૭ ।

મધ્યપ્રદેશ પોલીસમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક પોલીસ કોન્સ્ટેબલે ૧૨ વર્ષ ડ્યૂટી કર્યા વગર ૨૮ લાખનો પગાર લીધો છે. આ કિસ્સો વિદિશા જીલ્લાના રહેવાસી એક પોલીસ કર્મચારીનો છે, જેની ૨૦૧૧માં મધ્યપ્રદેશ પોલીસે ભરતી કરી હતી. ભરતી પ્રક્રિયા બાદ તેને ભોપાલ પોલીસ લાઈનમાં પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું અને પછી સાગર ટ્રેનિંગ સેન્ટરમાં મોકલવામાં આવ્યો હતો. પરંતુ તે ટ્રેનિંગ સ્થળ પર પહોંચવાની જગ્યાએ ચુપચાપ પોતાના ઘરે વિદિશા આવી ગયો હતો. તેણે ન તો કોઈ અધિકારીને જાણ કરી અને ન તો રજા માટે અરજી કરી, અને તેની સર્વિસ ફાઈલ સ્પીડ પોસ્ટ દ્વારા ભોપાલ મોકલી દીધી. ફાઈલ ત્યા પહોંચી ગઈ અને કોઈ તપાસ કર્યા વગર તેનો સ્વીકાર પણ કરવામાં આવ્યો હતો. એ પછી ન તો ટ્રેનિંગ સેન્ટરે તેની ગેરહાજરીની સૂચના આપી, અને ન તો ભોપાલ પોલીસ લાઈનમાં કોઈએ તેની ગેરહાજરીનું ધ્યાન દોર્યું. આ રીતે તે દર મહિને પગાર લેતો રહ્યો અને ક્યારેય કોઈ ડ્યૂટી પર હાજર ન રહ્યો. નવાઈની વાત એ છે કે, ૧૨ વર્ષ સુધી કોઈ ઓફિસર આ છેતરપિંડીને પકડી ન શક્યો.

### મંગળ ગ્રહ પર ૧૦૦ મિલિયન વર્ષથી જીવન શક્ય નથી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

નાસાના ક્યુરિયોસિટી રોવર દ્વારા હાલમાં જ મંગળ ગ્રહ પર કેટલીક મહત્ત્વની શોધ થઈ છે જેના કારણે ત્યાં કોઈ જીવન નથી એની પુષ્ટિ મળી રહી છે. મંગળ ગ્રહ પર જીવન શક્ય છે અને ત્યાં ભવિષ્યમાં રહી શકાય એ વિશે ઘણી ચર્ચા છે. ઈલોન મસ્ક આ માટે ખૂબ જ પ્રયત્ન કરી રહ્યો છે અને તે મંગળ ગ્રહ પર રિસર્ચ કરવા માટે તમામ દેશોને કહી રહ્યો છે. જોકે જરનલ નેચરમાં પ્રકાશિત થયેલાં એક રિસર્ચ મુજબ કેટલીક જગ્યાએ નદી વહેતી હોવાના પુરાવા મળ્યા છતાં પણ આ ગ્રહ પર મોટા ભાગે ડિઝર્ટ આવેલું છે. આ એક લાલ ગ્રહ છે અને એના પથ્થરમાં ખૂબ જ કાર્બનિક એસિડનો ક્ષાર વિપુલ પ્રમાણમાં છે. એટલે પહેલાં ત્યાં જીવન શક્ય હોય એ બની શકે છે. મંગળ ગ્રહ પર ક્યુરિયોસિટી રોવર દ્વારા કેટલાક પથ્થર પર રિસર્ચ કરવામાં આવ્યું હતું. આ પથ્થર પર તેમને કાર્બનિક એસિડના ક્ષાર મળ્યા હતા જે હવામાંથી કાર્બન ડાયોક્સાઈડને ગ્રહણ કરે છે અને પથ્થર પર સ્ટોર કરે છે. પૃથ્વી પર જેને ચૂનો કહેવામાં આવે છે એ જ પ્રકારનો આ કાર્બનિક એસિડનો ક્ષાર છે. આ પથ્થરની મદદથી મંગળ ગ્રહના ભૂતકાળ વિશે વધુ જાણકારી મળી શકે છે. યુનિવર્સિટી ઓફ શિકાગોના પ્લેનેટરી સાયન્ટિસ્ટ અને ક્યુરિયોસિટી રોવર ટીમના મેમ્બર એડવિન કાઈટ કહે છે, 'આ શોધ પરથી એ વાત નક્કી છે કે ભૂતકાળમાં અહીં કેટલીક જગ્યાએ જીવન હતું.'

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદની રેસમાં પાંચ કેન્દ્રીય મંત્રીઓ

## એવું માનવામાં આવે છે કે પીએમ મોદીની સરકારમાં સામેલ કોઈ ચહેરાને સંગઠનમાં લાવવામાં આવી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દેશ જ નહીં પણ દુનિયાની સૌથી મોટી પાર્ટી ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે અટકળો તેજ થઈ ગઈ છે. એવું માનવામાં આવે છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દેશમાં પાછા ફર્યા પછી આ જાહેરાત થઈ શકે છે. ત્રણ કેન્દ્રીય મંત્રીઓ શિવરાજ ચૌહાણ, ધર્મેન્દ્ર પ્રધાન અને મનોહર લાલ ખટ્ટરના નામ પણ રેસમાં છે. ઓબીસી નેતા તરીકે ભૂપેન્દ્ર યાદવનું નામ પણ રેસમાં હોવાનું કહેવાય છે. ભાજપના કેટલાક મહિલા નેતાઓના નામ પણ આ રેસમાં સામે આવ્યા છે, જેમાં નિર્મલા સીતારમણ અને પુરંદેશ્વરીનો સમાવેશ થાય છે. આ રીતે પાંચ કેન્દ્રીય મંત્રીઓ રેસમાં હોવાનું કહેવાય છે. ભાજપ સંગઠનના બંધારણ મુજબ, તેમણે પૂરતી સંખ્યામાં પ્રદેશ પ્રમુખોની પસંદગી કરી છે, જે રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી માટે જરૂરી છે. એવું માનવામાં આવે છે કે સંભવિત દાવેદારોને લઈને સંગઠનમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. ભાજપ પ્રમુખ જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં જ પૂર્ણ થયો હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો. નવા પ્રમુખની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ આ પદ પર રહેશે. બિહાર વિધાનસભા ચૂંટણી ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૫માં યોજાઈ શકે છે. જ્યારે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માર્ચ-એપ્રિલ ૨૦૨૬ માં યોજાઈ શકે છે. બિહારમાં, ભાજપ-જેડીયુ સરકાર બચાવવાના પડકારનો સામનો કરી રહ્યું છે, જ્યારે બંગાળમાં, ભાજપ તૃણમૂલ કોંગ્રેસ સરકારને ઉથલાવી પાડવા માટે લાંબા સમયથી આક્રમક હિન્દુત્વવાદી વલણ અપનાવી રહ્યું છે. ભાજપે ૨૫ થી વધુ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે. ભાજપના મહાસચિવ સુનીલ બંસલ અને વિનોદ તાવડેના નામ પણ લેવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે, ભાજપ એવા ચહેરા પર દાવ લગાવવા માંગે છે જે સંગઠનાત્મક અનુભવ ધરાવે છે અને જાતિ અને પ્રાદેશિક સમીકરણોમાં પણ સંપૂર્ણ રીતે ફિટ બેસે છે. પાર્ટી આગામી બિહાર અને બંગાળ વિધાનસભા ચૂંટણીના મહત્વને અવગણી શકે નહીં. પાર્ટીના બંધારણ મુજબ, ભાજપે થોડા મહિના પહેલા રાજ્ય સ્તરે સંગઠનાત્મક ચૂંટણીઓ યોજી હતી. તે પહેલાં, રાજ્યમાં જિલ્લા અને વિભાગીય સ્તરે પણ ચૂંટણીઓ યોજાઈ હતી. ત્યારબાદ દેશના ૫૦ ટકા રાજ્યોમાં રાજ્ય ભાજપ પ્રમુખોની ચૂંટણીની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે. ૨ જુલાઈના રોજ, પાર્ટીએ ૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભાજપ પ્રમુખની જાહેરાત કરી. આમાં મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્રથી લઈને આંધ્રપ્રદેશ અને તેલંગાણા જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય અધ્યક્ષની સાથે, દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં ભાજપ પ્રમુખના નવા નામ પર પણ બધાની નજર રહેશે. મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે મજબૂત દાવેદારોમાં સામેલ છે. OBC શ્રેણીના હોવાને કારણે, શિવરાજને ભાજપ તેમજ સંઘમાં પણ ઘણી હદ સુધી સ્વીકારવામાં આવે છે. ચૌહાણની બોલવાની શૈલી અને મૈત્રીપૂર્ણ સ્વભાવ પણ તેમના પક્ષમાં જાય છે. તેઓ લાંબા સમયથી RSS સાથે જોડાયેલા છે. મુખ્યમંત્રી તરીકે તેમનો લાંબો કાર્યકાળ રહ્યો છે. હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પાસે સત્તા અને સંગઠન બંનેનો અનુભવ પણ છે. લાંબા સમયથી RSS સાથે જોડાયેલા કેન્દ્રીય મંત્રી મનોહર લાલ શાંત અને પડદા પાછળના નેતાઓમાંના એક રહ્યા છે.

### મરાઠી ભાષા વિવાદમાં ભાજપ સાંસદને ઝંપલાવ્યું

# તમારા હિંમત હોય તો મહારાષ્ટ્રમાં ઉર્દુભાષીઓને મારી બતાવો : ભાજપ સાંસદ નિશિકાન્ત દુબે

**ભાજપના સાંસદ નિશિકાન્ત દુબેએ મરાઠી ભાષામાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ કરી**

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્રમાં હિન્દી અને મરાઠી વિવાદ ફરી એક વાર ગરમાયો છે. મરાઠીમાં ન બોલતા એક પરપ્રાંતીય દુકાનદારને મનસેના કાર્યકર્તાઓ દ્વારા મારપીટ કરવામાં આવ્યા બાદ સમગ્ર દેશમાં વિવાદ છેડાયો છે. ત્યાર બાદ ઠાકરે બંધુઓ એકઠા થયા અને રાજકારણમાં એક અલગ જ વળાંક પર લઈ ગયા. હવે આ મુદ્દે ભારતીય જનતા પાર્ટીના નેતા નિશિકાન્ત દુબેની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે, જો તમારા હિંમત હોય તો મહારાષ્ટ્રમાં ઉર્દુભાષીઓને મારી બતાવો. ભાજપ ના સાંસદ નિશિકાન્ત દુબેએ મરાઠી ભાષામાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ કરીને કહ્યું કે, મુંબઈમાં હિન્દી બોલનારાને મારનારાઓ, જો તમારામાં હિંમત હોય તો મહારાષ્ટ્રમાં



ઉર્દુ બોલનારાને મારી બતાવો. કુતરો પણ પોતાના ઘરમાં સિંહ હોય છે. તમે જ નક્કી કરો કે, કોણ કુતરો છે અને કોણ સિંહ. દુબેએ મરાઠી-હિન્દી વિવાદની તુલના કૂતરા અને સિંહ સાથે કરી છે. તેથી, હવે આ વિવાદ વધુ ભડકવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ભાજપના સાંસદ નિશિકાન્ત દુબેએ મહારાષ્ટ્રના ભાષા રાજકારણને કાશ્મીરી પંડિતો સાથે જોડી હતી. તેમણે અન્ય એક પોસ્ટમાં લખ્યું હતું કે, મુંબઈમાં શિવસેના ઉદ્ધવ, મનસે રાજ ઠાકરે અને એનસીપી પવાર સાહેબ અને કાશ્મીરમાંથી કાશ્મીરી હિન્દુઓને બહાર કાઢનારા સલાઉદ્દીન, મૌલાના મસૂદ અઝહર અને મુંબઈમાં હિન્દુઓને ત્રાસ આપનારા દાઉદ ઈબ્રાહિમ વચ્ચે શું તફાવત છે? એકે હિન્દુ હોવા પર હત્યાચાર કર્યો, બીજા હિન્દીના કારણે હત્યાચાર કરી રહ્યા છે. આ દરમિયાન મહારાષ્ટ્રના મંત્રી અને ભાજપના નેતા આશિષ શેલારે મહારાષ્ટ્રમાં બિન-મરાઠી ભાષી સ્થળાંતર કરનારાઓ પર થયેલી હિંસાની તુલના પહલગામ આતંકવાદી હુમલા સાથે કરી હતી. તેમણે કહ્યું કે, પહલગામમાં લોકોને તેમનો ધર્મ પૂછીને મારવામાં આવ્યા હતા અને અહીં મહારાષ્ટ્રમાં હિન્દુઓને માત્ર તેમની ભાષાના કારણે મારવામાં આવી રહ્યા છે.

### ટ્રાન્સફર-પોસ્ટિંગનું દબાણ ના કરશો

# મંત્રી-સાંસદ અને ધારાસભ્યોને ચાલુ મીટિંગમાં IAS ની વોર્નિંગ

। (એજન્સી) દેવરિયા, તા.૭ ।

ઉત્તર પ્રદેશના દેવરિયાના કલેક્ટર દિવ્યા મિત્તલ છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. આ દરમિયાન તેમનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે એક મીટિંગ દરમિયાન જનપ્રતિનિધિઓને વોર્નિંગ આપતા જોવા મળે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈપણ જનપ્રતિનિધિ કોઈપણ અધિકારી પર ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં. કારણ કે આ સરકારી આદેશની વિરુદ્ધ છે. આ મીટિંગમાં મંત્રી-સાંસદ અને ધારાસભ્ય સહિત જિલ્લાના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા.

અહેવાલો અનુસાર, આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે બરહજના ધારાસભ્ય દીપક મિશ્રાએ બેઝિક શિક્ષા અધિકારી (BSA) શાલિની શ્રીવાસ્તવને એક શિક્ષકનો લાંબા સમયથી પડતર પગાર અને એક કોન્ટ્રાક્ટ કર્મચારીની બદલી રોકવા કહ્યું હતું. બીએસએ દ્વારા આ માંગણીને અવગણતા ગુસ્સે ભરાયેલા ધારાસભ્યએ જર્જરિત રસ્તાઓના મુદ્દા પર પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD) અને અન્ય અધિકારીઓને ચેતવણી આપી અને બેઠકમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ એક જન પ્રતિનિધિએ કહ્યું કે, અધિકારીઓએ જન પ્રતિનિધિઓ શું કહે છે તેના પર થોડું ધ્યાન આપવું પડશે. તે કયા સમયે શું વાત કરી રહ્યા છે તેના પર થોડું ધ્યાન આપશે તો સમસ્યા આપમેળે ઉકેલાઈ જશે. જો કલમ અટકી ન જાય, તો ટ્રાન્સફર થવી જોઈએ. આ અંગે IAS દિવ્યા મિત્તલે જન પ્રતિનિધિઓની આ વાતને ફગાવી દીધી હતી. આ અંગે IAS દિવ્યા મિત્તલે જન પ્રતિનિધિઓની આ વાતને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, કોઈ પણ જનપ્રતિનિધિ કોઈ પણ અધિકારીને ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં, આ સરકારી આદેશની વિરુદ્ધ છે. ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં ભાજપના પ્રવક્તા અને ધારાસભ્ય શલભ મણિ ત્રિપાઠી, ધારાસભ્ય સુરેન્દ્ર ચૌરસિયા, સભા કુંવર, રાજ્ય મંત્રી વિજયલક્ષ્મી ગૌતમ, સપા સાંસદ રમાશંકર રાજભર, MLC દેવેન્દ્ર પ્રતાપ સિંહ અને દેવરિયાના સાંસદ શશાંક મણિ ત્રિપાઠી સહિત જિલ્લાના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા.



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ લખનૌમાં એક બેઠક દરમિયાન ISROના ચેરમેન વી નારાયણન સાથે મુલાકાત કરી.

# માનતા પૂરી થતા ચાંદીનો પેટ્રોલ પંપ અને છપ્પન ભોગ અર્પણ કર્યા

। (એજન્સી) ચિત્તોડગઢ, તા.૭ ।

ચિત્તોડગઢના પ્રખ્યાત શ્રી સાંવલિયા સેઠ મંદિરમાં ભક્તોની શ્રદ્ધાનું એક અનોખું દશ્ય જોવા મળ્યું. ડુંગલાના એક ઉદ્યોગપતિ માંગીલાલ જરોલી અને તેમના પરિવારે તેમની ઈચ્છા પૂર્ણ થયા બાદ ભગવાન સાંવલિયા સેઠને ૧૦ કિલો ચાંદીથી બનેલો પેટ્રોલ પંપ ભેટમાં આપ્યો. આ અનોખા દાન વિશે ખૂબ ચર્ચા થઈ રહી છે. તેની તસવીરો સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થઈ રહી છે.

માનતા માન્યાના થોડા દિવસોમાં જ ઠાકુરજીએ તેમની ઈચ્છા પૂર્ણ કરી અને તાજેતરમાં જ બડી સદરી વિસ્તારમાં સાંવલિયા ફિલિંગ સ્ટેશનના નામે તેનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું. જેના કારણે, સાંવલિયા શેઠના દરબારમાં કરેલી ઈચ્છા પૂર્ણ થયા પછી, પરિવારના સભ્યો ડીજે સાથે ચાંદીના પેટ્રોલ પંપ સાથે શહેરભરમાં નાચતા અને ગાતા ઠાકુરજીના મંદિરે પહોંચ્યા. તેઓએ ઠાકુરજીને છપ્પન ભોગ અર્પણ કર્યા અને ચાંદીના પેટ્રોલ પંપની છબી અર્પણ કરી અને આખો પંડાલ સાંવલિયા સેઠના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યો. આના ઘણા ફોટો અને વીડિયો સામે આવ્યા છે. ચિત્તોડગઢના માંડફિયામાં આવેલું સાંવલિયા સેઠ મંદિર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના ભક્તો માટે શ્રદ્ધાનું મુખ્ય કેન્દ્ર છે.

### બેંગ્લુરુ બાદ હૈદરાબાદમાં FIR

# રાહુલ ગાંધીને બદનામ કરવા ચેડાં કરેલી તસવીર શેર કરી

## રતન રંજન અને અન્ય સોશિયલ મીડિયા યુઝર્સ સામે રાહુલ ગાંધીનો છેડછાડ કરેલો ફોટો પર પોસ્ટ કરવા બદલ ફરિયાદ

। (એજન્સી) હૈદરાબાદ, તા.૭ ।

હૈદરાબાદના બેગમ બજાર પોલીસ સ્ટેશનમાં રતન રંજન અને અન્ય સોશિયલ મીડિયા યુઝર્સ સામે કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીનો છેડછાડ કરેલો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવા બદલ ફરિયાદ નોંધી છે. તેલંગાણા યુથ કોંગ્રેસના પ્રમુખ જક્કીડી શિવ ચરણ રેડ્ડીએ આ ફરિયાદ નોંધાવી છે. તેમણે આરોપ લગાવ્યો કે આ પોસ્ટ અશ્લીલ અને અપમાનજનક કન્ટેન્ટ ફેલાવી રહી છે, જેનો હેતુ મહિલાઓના ગૌરવને ઠેસ પહોંચાડવાનો અને કોંગ્રેસના નેતાઓને બદનામ કરવાનો છે. તેલંગાણા યુથ કોંગ્રેસના પ્રમુખ જક્કીડી શિવ ચરણ રેડ્ડી દ્વારા નોંધાવેલી ફરિયાદ અનુસાર, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો છેડછાડ કરેલો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાની ઘટના પાંચમી જુલાઈની છે, જ્યારે રતન રંજને સોશિયલ મીડિયા પર રાહુલ ગાંધીનો આ ફોટો પોસ્ટ કર્યો હતો. બિહારમાં મહિલા કોંગ્રેસ દ્વારા આયોજિત જાગૃતિ અભિયાનના ભાગ રૂપે વિતરણ કરાયેલા સેનિટરી પેડ્સ પર કોંગ્રેસ નેતાનો ચહેરો કથિત રીતે લગાવવામાં આવ્યો હતો. આ પોસ્ટ સમગ્ર ભારતમાં મહિલાઓના ગૌરવ માટે અપમાનજનક હતી અને મહિલાઓના સ્વાસ્થ્યના મુદ્દાને ઓછો આંકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મહિલા કોંગ્રેસે બિહારમાં એક ખાસ ઝુંબેશ શરૂ કરી છે, જે હેઠળ ૫ લાખ મહિલાઓને મફતમાં સેનિટરી પેડ આપવામાં આવશે. આ સેનિટરી પેડ્સના પેકેટ પર કોંગ્રેસ નેતાનો ફોટો છપાયેલો છે, જ્યાં નારી ન્યાય, મહિલા સન્માન જેવા સૂત્રો પણ લખેલા છે. કોંગ્રેસે આ ઝુંબેશને લગતા ફેક તસવીરો અને વીડિયો વાયરલ થતા વાંધો ઊઠાવ્યો છે. બેગમ બજાર પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા (BNS 2023)ની કલમ ૭૯, ૧૯૨, ૧૯૬, ૧૯૭, ૨૯૪, ૩૫૩, ૩૫૬ અને IT એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૭ (જે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અશ્લીલ સામગ્રીના પ્રકાશન અથવા પ્રસારણ સાથે સંબંધિત છે) હેઠળ કેસ નોંધ્યો છે. બેગમ બજાર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર પી. ભરત કુમારે જણાવ્યું હતું કે, આ કેસની તપાસ ઈન્સ્પેક્ટર કોડાલા યેદુકોન્ડાલુને સોંપવામાં આવી છે. બેંગલુરુમાં પણ ફરિયાદ નોંધવામાં આવી છે. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે સોશિયલ મીડિયા પર ઠ પર આ અંગે માહિતી આપી હતી. તેમણે FIRની નકલ શેર કરીને લખ્યું, રાહુલ ગાંધીના ફોટાનો દુરુપયોગ કરીને નકલી વીડિયો બનાવવા સામે FIR નોંધવામાં આવી છે.

### ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થઈને આત્મહત્યા કરી

# યુટ્યુબર છોકરીના પ્રેમમાં પાગલ યુવકે આત્મહત્યા કરી

## વીડિયોમાં દીપકે કહ્યું હતું કે, જે તમારા માટે સમય નથી કાઢતો તેને ક્યારેય પ્રેમ ન કરો : આ શબ્દો કહીને જીવન ટૂંકાવ્યું

। (એજન્સી) ભોપાલ, તા.૭ ।

મધ્યપ્રદેશના સાગર જિલ્લાના સનોદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક યુવકે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ વીડિયો દરમિયાન જીવન ટૂંકાવી નાખ્યું હતું. મૃતકની ઓળખ ૨૦ વર્ષીય દીપક રાજ અહિરવાર તરીકે થઈ છે. આ ઘટના ૨૨ જૂનના રોજ બની હતી, પરંતુ શુક્રવારે જ્યારે તેનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો, ત્યારે આ મામલો સામે આવ્યો હતો. વીડિયોમાં દીપકે કહ્યું હતું કે, જે તમારા માટે સમય નથી કાઢતો તેને ક્યારેય પ્રેમ ન કરો. આ શબ્દો કહીને તેણે જીવન ટૂંકાવી નાખ્યું હતું. આ વીડિયો વાઈરલ થયા પછી તેની આત્મહત્યા અંગે ઘણા પ્રશ્નો ઉભા થયા છે. યુવકના પરિવારના સભ્યોનો આરોપ છે કે છતરપુરની એક યુટ્યુબર મહિલા સાથે બ્રેકઅપ થવાને કારણે દીપક તણાવમાં હતો, જેના કારણે તેણે આ પગલું ભર્યું. આ કેસમાં જાનવી સાહુ નામની યુટ્યુબરનું નામ ચર્ચામાં આવ્યું છે, જે છતરપુરની રહેવાસી છે. મીડિયા સાથે વાત કરતા તેણીએ કહ્યું કે, મારા ઈન્સ્ટાગ્રામ પર બે લાખથી વધુ ફોલોઅર્સ છે. હું પરિણીત છું અને બે બાળકોની માતા છું. હું દીપક (જેને જાનવી રાહુલ તરીકે સંબોધે છે) ને એક લગ્ન સમારંભમાં મળી હતી. તેની મુલાકાત મારી મિત્ર સંજના દ્વારા થઈ હતી. ઈન્સ્ટાગ્રામ પર તેની સાથે સામાન્ય વાતચીત અને મજાક થઈ હતી, પરંતુ કોઈ પણ પ્રકારના પ્રેમ કે લગ્ન પ્રસ્તાવની કોઈ વાત થઈ ન હતી. ઘટનાના દિવસે યુવકે રાત્રે ૮ વાગ્યે ફોન કર્યો હતો, પરંતુ તે નશામાં હતો, તેથી મેં ફોન કાપી નાખ્યો. જાનવીએ વધુમાં કહ્યું હતું કે, બાદમાં મને સંજના પાસેથી ખબર પડી કે દીપક અગાઉ સમલૈંગિક ગુનાના કેસમાં જેલમાં ગયો હતો. હું પોતે પણ આશ્ચર્યચકિત છે કે મને આ કેસમાં કેમ ખેંચવામાં આવી રહી છે. મેં કોઈને ગેરમાર્ગે નથી દોર્યો કે નથી કોઈને ખોટું વચન આપ્યું. આ મામલાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. જો કોઈ દોષિત હોય તો તેની સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. વાઈરલ વીડિયો કોણે અપલોડ કર્યો અને શા માટે ડિલીટ કરવામાં આવ્યો તેની પણ તપાસ થવી જોઈએ.

## તંત્રી લેખ...

# જિનપિંગે સત્તાની વહેંચણી શરૂ કરતાં અટકળો વધી

ચીનના પ્રેસિડન્ટ શી જિનપિંગે પોતાની કેટલીક સત્તાઓ સત્તાધારી કમ્યુનિસ્ટ પાર્ટીની કેટલીક મહત્ત્વની સમિતિઓને સોંપવાનું ચાલુ કર્યુ હોવાથી દેશમાં સત્તાપરિવર્તનની અટકળો તેજ બની છે. ૧૨ વર્ષથી ચીનમાં એકહથ્થુ સત્તા ધરાવતા જિનપિંગને આજીવન નેતા માનવામાં આવતા હોવાથી તેમની આ હિલચાલનું વિશેષ મહત્ત્વ છે. જિનપિંગના આ પગલાથી એવી અટકળો શરૂ થઈ છે કે તેઓ સત્તા પરિવર્તન માટેની ભૂમિકા તૈયાર કરીને નિવૃત્ત થઈ રહ્યાં છે. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆના તાજેતરમાં અહેવાલ પછી આવી અટકળોને વધુ વેગ મળ્યો હતો. એજન્સીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના પાવરફૂલ ૨૪ સભ્યોના પોલિટિકલ બ્યુરોએ ૩૦ જૂનના રોજ યોજાયેલી તેની બેઠકમાં નવા નિયમોની સમીક્ષા કરી છે. જિનપિંગની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે સીપીસીની વિવિધ સંસ્થાઓ, જવાબદારી અને કામગીરીના નિયમોમાં ફેરફાર કરવો જોઈએ. આવી સંસ્થાઓએ મુખ્ય કાર્યો પર વધુ અસરકારક નેતૃત્વ અને સંકલનનો ઉપયોગ કરવો જોઈએ અને મુખ્ય કાર્યોના આયોજન, ચર્ચા અને દેખરેખ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.વિદેશમાં રહેતા ચીની અસંતુષ્ટ સમુદાય પણ માને છે કે સીપીસીમાં સત્તા સંઘર્ષ ચાલુ થયો છે. છેલ્લાં કેટલાંક મહિનાઓથી આવી અટકળો થઈ રહી છે. ચીન સ્થિત એક રાજકીય વિશ્લેષકે નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે સત્તાધારી પક્ષની વિવિધ સંસ્થાઓ અંગેના નવા નિયમો જિનપિંગની નિવૃત્તિની તૈયારીઓનો સંકેત બની શકે છે. સત્તા પરિવર્તનનો આ સમય છે, તેથી પાર્ટીની વિવિધ સંસ્થાઓનું નિયમન કરવા માટે નિયમો બનાવવામાં આવી શકે છે. જોકે બીજા કેટલાંક રાજકીય વિશ્લેષકોએ જણાવ્યું હતું કે સીપીસીના સ્થાપક માઓ ઝેડોંગ પછી જિનપિંગને સૌથી શક્તિશાળી નેતા માનવામાં આવે છે અને તેઓ મોટા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કેટલીક સત્તાઓ બીજા નેતાઓને આપી શકે છે. જિનપિંગ માત્ર રોજિંદી કામગીરી પર ઓછી ધ્યાન કેન્દ્રીત કરે તેવું બની શકે છે.

## બહુપક્ષીયવાદ, આર્થિક-નાણાકીય બાબતો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મજબૂત બનાવવા પર બ્રિક્સ સત્ર દરમિયાન પ્રધાનમંત્રીનું નિવેદન

બ્રિક્સના વિસ્તૃત પરિવારની આ બેઠકમાં આપ સૌ સાથે ભાગ લેવા બદલ મને ખૂબ આનંદ થાય છે. બ્રિક્સ આઉટરીચ સમિટમાં લેટિન અમેરિકા, આફ્રિકા, એશિયાના મિત્ર દેશો સાથે વિચારો શેર કરવાની તક આપવા બદલ હું રાષ્ટ્રપતિ લુલાને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

મિત્રો,

બ્રિક્સ જૂથની વિવિધતા અને બહુધ્રુવીયતામાં આપણી દ્રઢ માન્યતા આપણી સૌથી મોટી તાકાત છે. આજે જ્યારે વિશ્વ વ્યવસ્થા ચારે બાજુથી દબાણ અનુભવી રહી છે, વિશ્વ અનેક પડકારો અને અનિશ્ચિતતાઓમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે બ્રિક્સની વધતી જતી સુસંગતતા અને પ્રભાવ સ્વાભાવિક છે. આપણે સાથે મળીને વિચાર કરવો જોઈએ કે આવનારા સમયમાં બ્રિક્સ બહુધ્રુવીય વિશ્વનો પ્રણેતા કેવી રીતે બની શકે.

આ સંદર્ભમાં મારી પાસે કેટલાક સૂચનો છે:

પ્રથમ, બ્રિક્સ હેઠળ આપણો આર્થિક સહયોગ સતત આગળ વધી રહ્યો છે. બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલ અને બ્રિક્સ મહિલા વ્યાપાર જોડાણે આમાં ખાસ ભૂમિકા ભજવી છે. બ્રાઝિલના પ્રમુખપદ હેઠળ, આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થામાં સુધારા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. અમે આનું સ્વાગત કરીએ છીએ.

બ્રિક્સ ન્યૂ ડેવલપમેન્ટ બેંકના રૂપમાં, અમે ગ્લોબલ સાઉથના દેશોના વિકાસ માટે એક મહત્વપૂર્ણ અને મજબૂત વિકલ્પ આપ્યો છે. NDB દ્વારા પ્રોજેક્ટ્સને મંજૂરી આપતી વખતે માંગ આધારિત સિદ્ધાંત, લાંબા ગાળાની નાણાકીય સ્થિરતા, સ્વસ્થ ક્રેડિટ રેટિંગ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણી પોતાની સિસ્ટમમાં સુધારો કરવાથી સુધારેલા બહુપક્ષીયવાદ માટેના આપણા આહવાનને વધુ વિશ્વસનીયતા મળશે.

બીજું, આજે ગ્લોબલ સાઉથના દેશોને બ્રિક્સ પાસેથી કેટલીક ખાસ અપેક્ષાઓ અને આકાંક્ષાઓ છે. આપણે તેને પૂર્ણ કરવા માટે સાથે મળીને કામ કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, બ્રિક્સ હેઠળ, કૃષિ સંશોધનમાં સહયોગ વધારવા માટે ભારતમાં બ્રિક્સ કૃષિ સંશોધન પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. તે કૃષિ-બાયોટેક, પ્રિસિઝન ફાર્મિંગ, જળવાયુ પરિવર્તન અનુકૂલન જેવા વિષયોમાં સંશોધન અને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવા માટે એક માધ્યમ બની શકે છે. આપણે ગ્લોબલ સાઉથના દેશો સુધી તેના ફાયદાઓ પણ પહોંચાડી શકીએ છીએ. તેવી જ રીતે, અમે 'વન નેશન વન સબસ્ક્રિપ્શન'ની પહેલ કરી છે. જેથી ભારતના તમામ શૈક્ષણિક જર્નલો દેશના દરેક ખૂણામાં ઉપલબ્ધ થાય. કેટલાક અન્ય BRICS દેશોમાં પણ આવી જ વ્યવસ્થા કરવામાં આવી છે. મારું સૂચન છે કે આપણે સંયુક્ત રીતે BRICS વિજ્ઞાન અને સંશોધન ભંડાર બનાવવાનું વિચારવું જોઈએ, જે ગ્લોબલ સાઉથના દેશોને પણ લાભ આપી શકે છે.

ત્રીજું, મહત્વપૂર્ણ ખનિજો અને ટેકનોલોજીમાં સહયોગ વધારતી વખતે આપણે તેમની સપ્લાય ચેઈનને સુરક્ષિત અને સ્થિતિસ્થાપક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણે ખાતરી કરવી જોઈએ કે કોઈ પણ દેશ તેનો ઉપયોગ ફક્ત પોતાના સ્વાર્થ માટે અથવા હથિયાર તરીકે ન કરે.

ચોથું, એકવીસમી સદીમાં માનવતાની સમૃદ્ધિ અને પ્રગતિ ટેકનોલોજી પર આધાર રાખે છે, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. એક તરફ સામાન્ય માણસના જીવનમાં પરિવર્તન લાવવા માટે AI ખૂબ જ અસરકારક માધ્યમ છે, તો બીજી તરફ જોખમો, નીતિશાસ્ત્ર, પૂર્વગ્રહ જેવા પ્રશ્નો પણ AI સાથે સંકળાયેલા છે. આ વિષય પર ભારતની વિચારસરણી અને નીતિ સ્પષ્ટ છે:

આપણે AIને માનવ મૂલ્યો અને ક્ષમતાઓને વધારવા માટેના માધ્યમ તરીકે જોઈએ છીએ.

---

**હજી તો સમાજના ૨૦% થી ઓછા લોકો સાધુસંતોના કહેવા પ્રમાણે જીવન જીવતા હશે**

# બુદ્ધ પુરુષ સિદ્ધ પુરુષ અને શુદ્ધ પુરુષમાંથી સદગુરુ કોને કહીશું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**એકવાર એક સ્વામીજીના જન્મ દિવસ નિમિત્તે એમને ભેટ અર્પણ કરવા સમાજના ત્રણ વ્યક્તિઓ મળવા આવે છે. બૌદ્ધિકતાની દ્રષ્ટિએ ઉચ્ચ એવા એક વ્યક્તિએ પોતાની શોધ વિશે અને સમાજને તે ઉપયોગી છે એ વિશે વાત કરી, અને સ્વામીજીને એ ઉપકરણ ભેટ આપીને કહ્યું આના વડે તમારું જીવન સરળ બનાવો.**



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગુરુ પૂર્ણિમા આવી રહી છે અને ત્યારે સદગુરુનુ પૂજન કરવામાં આવે છે! પણ સદગુરુ કોને કહીશું! ત્યારે પૂજનીયની મહત્તા સમજવી જરૂરી છે. કારણકે સાધુ સંતો બુદ્ધપુરુષો સિદ્ધપુરુષો તો ખૂબ છે, અને એ બધાં સમાજનું ઘરેણું છે, તેનાથી જ સમાજ શોભી ઊઠે છે. હજી તો સમાજના ૨૦% થી ઓછા લોકો સાધુસંતોના કહેવા પ્રમાણે જીવન જીવતા હશે, બાકી વધુ લોકો આચરણ પર મહત્વ આપે તો સમાજનો દેખાવ તદ્દન જુદો હોય. પરંતુ સમાજમાં સંસારી જીવ ન જાણે કેટલી આંટીઘૂંટીમાં ફસાયેલો હોય, અને એ સમસ્યાને આસાન રીતે પાર પાડવા કઈ કેટલું સાચું ખોટું પણ કરતો હોય. કોઈ કોઈ વાર જ અજાણે ભૂલ થતી હોય છે, બાકી તો સૌ કોઈ પોતાની ભૂલથી જ્ઞાત હોય છે.ભારતીય સમાજમાં બુદ્ધ પુરુષ એટલે કે બૌદ્ધિકતાની દ્રષ્ટિએ ઉચ્ચ હોય એને પંડિત પણ કહી શકાય, વિદ્વાન પણ કહી શકાય એની કમી નથી, આકરી તપશ્ચર્યા કરી અને સિદ્ધિઓ પ્રાપ્ત કરનારા પુરુષોની પણ આપણા સમાજમાં કમી નથી. પરંતુ બુદ્ધ પણ હોય, સિદ્ધ પણ હોય, અને સાથે સાથે શુદ્ધ પણ હોય એવા પરમ કોટિના બાપુ જેવા સાધુ પુરુષની કમી આપણે ત્યાં છે. એટલે સમાજ સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે. તો આજે આપણે બુદ્ધ સિદ્ધ અને શુદ્ધ શબ્દો વચ્ચેના તફાવત વિશે ચિંતનમાં વાત કરીશું.

બુદ્ધ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો બુદ્ધિની તેની કક્ષા ખુબ જ ઉચ્ચ હોય, અને વેદાંત વિશે સારું એવું જ્ઞાન ધરાવતા હોય, સ્થિતપ્રજ્ઞ સુધી બુદ્ધિની કક્ષા જેની પહોંચી હોય, તેવાં સ્ત્રી પુરુષ ગમે તે લિંગના વ્યક્તિને બુદ્ધ કહેવામાં આવે છે. આજનો સમાજ બૌદ્ધિક તો છે, અને વિજ્ઞાનનો વિકાસ પણ એને સિદ્ધ કરે છે, કારણ કે પ્રખર બુદ્ધિશાળી હોય ત્યાંજ વૈજ્ઞાનિક વિકાસ થાય, અને એટલે જ આપણે ત્યાં ઋષિઓને વૈજ્ઞાનિક કહેવામાં આવતાં. વૈજ્ઞાનિક શોધ કરનારા બુદ્ધ ખૂબ જ જોવા મળે છે, પરંતુ આંતરિક રીતે પણ જીવન શાંત થાય એ માટે શુદ્ધી જરૂરી છે, અને એની માટે બુદ્ધિનું અનુગામી હોવું જરૂરી છે. નહીં તો માનવીની સો રૂપિયાની જરૂરિયાત સામે કમાણી કરીને સો પ્રાપ્ત કરી લીધાં, પરંતુ બુદ્ધિ અનુગામી ન્હોય તો સોની બદલે હજારની જરૂરિયાત દેખાડે, હજાર કમાય એટલે દસ હજારની જરૂરિયાત દેખાડે, અને એ રીતે સતત ક્યાંથી કમાવું! એની યોજનાઓ ઘડવામાં જીવનની અમૂલ્ય ક્ષણો વેડફી નાખે છે. આ ઉપરાંત સો રૂપિયા ઈમાનદારીથી કમાયો, કદાચ હજાર રૂપિયા પણ ઈમાનદારીથી કમાઈ શકાય. પરંતુ જેમજેમ અપેક્ષા વધતી જાય તેમ નૈતિકતા ક્યાંક ઘટતી પણ જાય, એટલે કે બુદ્ધ તો રહે, પરંતુ શુદ્ધતા ધીરે ધીરે ઓછી થતી જાય.

સિદ્ધ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો પારંગત એવો થાય. નાની મોટી કેટલીએ વિદ્યામાં લોકો પારંગત થતાં હોય છે. પરંતુ કલા કે વિદ્યામાં પારંગત હોવું અને સિદ્ધી પ્રાપ્ત કરવી સારું છે, પરંતુ ઘણીવાર એવું થાય કે જે કલા કે વિદ્યામાં પારંગત હોય એની કરતાં ત્રણ-ચાર ઘણું અભિમાન સિદ્ધિ દ્વારા આવે, અને ગઈકાલ સુધી, નમ્રતા, સરળતા, સાલસતા, હતું એ બધું છૂટતું દેખાય. આ ઉપરાંત કલા કે વિદ્યા પ્રત્યે આપણી જે રસ રુચિ હતી, એ ઓછું થતું જાય, અને ફક્ત એનાં નામનો આગ્રહ, એટલે કે આ પ્રમાણે જ થવું જોઈએ, તો જ એ કલા સાચી કે વિદ્યા સાચી, એવા પણ દ્રઢ વલણો ધરાવતા લોકો સમાજમાં છે. જે સિદ્ધ તો છે, પરંતુ શુદ્ધ નથી.અહી મારા જેટલું કોઈ સિદ્ધ નથી, એ ભાવથી પીડાતા હોય, એટલે કે ઘણીવાર બુદ્ધિની ઊંચાઈ હોય, સિદ્ધિ પણ ઉચ્ચ હોય, પરંતુ એ શુદ્ધ જ હોય એવું જરૂરી નથી. પદ પ્રતિષ્ઠાની દ્રષ્ટિએ આપણને ઊંચું પદ પ્રાપ્ત થાય, છતાં આપણી સાલસતા અને વિનમ્રતા ઘટવી જોઈએ નહીં, આપણો વિવેક પણ બરકરાર રહેવો જોઈએ, સાચા-ખોટાનો ભેદ કરનારી બુદ્ધિ રહેવી જોઈએ, તેમજ અહમ આગ્રહનું વળગણ છૂટવું જોઈએ, તો જ સિદ્ધ સાચી છે.

શુદ્ધ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જેનું તન અને મન બંને શુદ્ધ છે, જ્યાં કોઈ આંટીઘૂટી નથી, કોઈની માટે વેરભાવ નથી, કોઈની માટે આગ્રહનું બંધન નથી, ત્યાં આગળ ફક્ત અને ફક્ત લાગણી કે સંવેદનાનું વહન છે, અને જે દરેક માટે પોતાનાનો ભાવ રાખી શકે છે, અથવા તો અહીં કોઈ પરાયું નથી, બધા જ પોતાનાં છે અને દરેકમાં હરિ દર્શન કરી શકે તેટલી તેની સરળતા પણ છે. આ ઉપરાંત તે હરક્ષણ દરેકની મદદ કરવાં તત્પર રહે છે, તેમજ સમાજ પ્રત્યેનું પોતાનું દાયિત્વ પણ તે સ્વીકારે છે, એટલે જ્યારે જ્યારે સમાજ મુસીબતમાં આવે ત્યારે એ પોતાનાથી બનતી મદદ પણ કરે છે. એની માટે સત્ય પ્રેમ અને કરુણાથી જીવન જીવવું એ જ એકમાત્ર સાધના છે, તેની બુદ્ધિ કક્ષા અને પંડિતાઈ એટલી ઊંચી છે, કે ત્યાં એને કોઈ જાતનો ભય લાગતો નથી, એટલે કે પદ પ્રતિષ્ઠા જતા રહે એવો ભાવ કે ભય એ રાખતા નથી, અને કાયમ લોક મંગલના કાર્ય કરે છે.

એકવાર એક સ્વામીજીના જન્મ દિવસ નિમિત્તે એમને ભેટ અર્પણ કરવા સમાજના ત્રણ વ્યક્તિઓ મળવા આવે છે. બૌદ્ધિકતાની દ્રષ્ટિએ ઉચ્ચ એવા એક વ્યક્તિએ પોતાની શોધ વિશે અને સમાજને તે ઉપયોગી છે એ વિશે વાત કરી, અને સ્વામીજીને એ ઉપકરણ ભેટ આપીને કહ્યું આના વડે તમારું જીવન સરળ બનાવો. બીજો સિદ્ધિ પ્રાપ્ત કરેલો પ્રતિષ્ઠિત વ્યક્તિ હતો તેણે કહ્યું કે આપ આશ્રમમાં રહો છો, અને કુદરતી ઋતુ અનુસાર ઘણી બધી મુશ્કેલીઓ થતી હશે, માટે મેં એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે, તેનાથી તમે આ આશ્રમને ઋતુ પ્રભાવથી બચાવી શકો ,જો હું અહીં એક મહિનો તપસ્યા કરું, અને પછી એક યજ્ઞનું આયોજન થાય, તો આશ્રમ કાયમ માટે અમુક પ્રકારની વ્યાધિથી સુરક્ષિત થઈ જાય! અને એવું કરવું ન્હોય, તો આપ આ વીંટી આપના હાથમાં પહેરી લો, તો મેં કડી તપશ્ચર્યા કરીને પ્રાપ્ત કરેલી સિદ્ધિથી એને ધારણ કરનારા અમુક પ્રકારના સંતાપથી દૂર રહી શકે છે, તો આપે રોજ સવારમાં આ વીટીની આ મારાં મંત્ર દ્વારા પૂજા કરવી પડે. ત્રીજી વ્યક્તિ સાવ સામાન્ય હતી, અને તેનો પહેરવેશ પણ બતાવતો હતો કે એ સામાન્ય માણસ છે, કોઈ બુદ્ધિ કે સિદ્ધિની અહીં વાત નથી. એણે પોતાની ઝોળીમાંથી ખાદીનું એક વસ્ત્ર કાઢીને સ્વામીજીને આપ્યું, અને કહ્યું સ્વામીજી મારી આ ભેટ સ્વીકાર કરો, આમ તો અમે સામાન્ય માણસ અને એમાં પણ સંસારી, છતાં આ વસ્ત્ર વણતી વખતે મનમાં કોઈ વિકાર આવે નહીં અને પવિત્રતાનો ભાવ બની રહે, એની મેં પૂરી તકેદારી રાખી હતી, એટલે આપ એ ગ્રહણ કરો. સ્વામીજીએ એ વસ્ત્ર તરત જ સ્વીકારી લીધું, અને પેલા બંને લોકોનો વિવેકથી આભાર માની કહ્યું કે મને જરૂર હશે ત્યારે હું જરૂરથી આપને જણાવીશ.

મિત્રો ઓછી બુદ્ધિ હોય તો કદાચ એટલું જીવન મુશ્કેલ નથી, અને પારંગતતા પણ દરેકમાં હોય એ પણ જરૂરી નથી. પરંતુ શુદ્ધતા એટલે કે આધુનિક સમાજમાં શુદ્ધ વ્યક્તિને ખોટ કે કમી હોવાને કારણે જ વધુ સમસ્યા દેખાય છે. એકવાર મન વિકારીત થાય પછી તેને શુદ્ધ કરવું બહુ અઘરું બની જાય છે, માટે કામ ક્રોધ લોભ મોહ માયા અદેખાઈ અને લોભ-લાલચ દેખાદેખી વેરઝેર ઈર્ષા આ બધા દૂષણ આપણા જીવનમાં નાના-નાના વ્યવહારો થકી પ્રવેશી જતા હોય છે. તો ત્યાં આગળ સાવધાની અને જાગૃતિ રાખીને આપણું જીવન જેટલું બને તેટલું શુદ્ધ રાખવાનો પ્રયત્ન આપણે સૌ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે પરંતુ મને લાગે છે કે દુષ્ટોનોવિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી**

# દરેક કામ સફળ બને એવું જરૂરી નથી પણ કરેલા કામથી આપણા મનને સંતુષ્ટી મળે તો એ સફળતાથી કંઈ કમ નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જે દુઃખમાં નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુઃખ કેમ કહેવાય? વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે તેથી તેને હું મારી સંપત્તિ માનુંછું.સુખને નાખો ખાડા માં. સુખનું શું કામ છે?બલિહારી દુઃખની પળે પળેજ્યારે પ્રભુનું નામ જપાય છે.**

જીવનમાં આગળ વધો, પણકોઈને દુઃખ આપીને નહીં.સ્વાભિમાની બનો,પણ ઘમંડી નહીં.બધાનો આદર કરો, પણ પોતાને નીચા બતાવીને નહીં.દિલથી હસો,પણ કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડ્યા વિના. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સર્વ પ્રકારનું જેનું અભિમાન છૂટે છે, જે દીન બને છે તે ભગવાનને વહાલો લાગે છે. કુંતાજી દીન બન્યાં છે. તેઓ કહે છે કે, હું જે માગું છું તે યોગ્ય છે. દુઃખ મારો ગુરુ છે. જે દુઃખમાં નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુઃખ કેમ કહેવાય? વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે તેથી તેને હું મારી સંપત્તિ માનુંછું.સુખને નાખો ખાડા માં. સુખનું શું કામ છે?બલિહારી દુઃખની પળે પળેજ્યારે પ્રભુનું નામ જપાય છે.હું ફરી ફરી માગું છું કે,મારે માથે વિપત્તિ આવે કે, જેથી તમારાં ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે. ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છેઃ ૧. વિદ્યામદ,૨. યૌવનમદ ૩. દ્રવ્યમદ ૪. અધિકારમદ. આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે. પોતાનું બાળક રડેછે,ત્યારે પ્રોફેસર તાળી પાડે અને તેને છાનું રાખવા પ્રયત્ન કરે છે.તે વખતે ભૂલી જાય છે કે પ્રોફેસર છું. પ્રોફેસર કથામાં આવે છે,ત્યારે કીર્તનમાં તેમને તાળી પાડતાં શરમ આવે છે પણ ઘરે બાબાને રમાડતાં તાળી પાડતાં શરમ નથી આવતી!ભણેલા લોકોને ભજનમાં શરમ આવે, તો એના જેવું શરમજનક બીજું શું હોઈ શકે?ભગવાને કહ્યું છે,આ ચાર પ્રકારના મદથી જીવ ઉન્મત્ત બને છે.અને મારું અપમાન કરે છે. આ મદવાળાની જીભને કીર્તન વખતે પાપ પકડી રાખે છે ને ધમકાવે છે કે, તું બોલીશ તો મારે ભાગવું પડશે માટે ચૂપ રહે!મહા ભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરો. પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છેકે દુષ્ટોનોવિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે.

કુંતાજી કહે છે કે,જ્યારે તમે ગોકુળમાં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી. તમારુંએ બાલસ્વરૂપ મારાથીહજુ ભૂલાતું નથી. એ વખતે યશોદાએ તમને બાંધ્યા હતા.તે ઝાંખી મને થઈ છેતે હજુ ભૂલાતી નથી. આપ એવી દયા કરો કે, મને અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય.

મર્યાદા પુષ્ટિ ભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે.કુંતા યશોદાનાં વખાણ કરે છે. પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રી કૃષ્ણ આજે થરથર કાંપે છે. સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી સંસારમાં આસક્તિ રહી જાય છે.સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે, એટલે એ સ્નેહ પાશને કાપી કાઢવાનું કહ્યું છે.

ભગવાન બધું કરે છે પણ વૈષ્ણવ ને નારાજ કરી શકતા નથી. કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે. કુંતાજીના મહેલ માં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે અને અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છેકે, શ્રીકૃષ્ણ મારા સખા છે. મારા માટે પાછા આવ્યા છે. કુંતાજી કહે છે, રસ્તામાં જઈને હું ઊભી રહી એટલે પાછા આવ્યા છે. દ્રૌપદી કહે,ના રે,શ્રીકૃષ્ણની આંગળી કપાઈ હતી,ત્યારે મારી સાડી ફાડી પાટો મેં બાંધેલો એટલે મારા માટે આવ્યા છે.

સુભદ્રા કહે છે,તમે તો કેવળ માનેલાં બહેન છો. સગી બહેન તો હું છું.એટલે મારા માટે તેઓપાછા આવ્યા છે. મને મળવા આવ્યા, ત્યારે હું રડી અને કઈ ન બોલી શકી માટે પાછા આવ્યા છે.પ્રભુ સર્વને વહાલો,પણ એ કોઈ એક નો નહીં. એતો સર્વથી ન્યારો છે શ્રીકૃષ્ણ કહે છે,હું કોઈ સગાઇ ને માનતો નથી.માત્ર પ્રેમ સગાઈમાં માનું છું.હું મારા ભીષ્મ માટે પાછો આવ્યો છું.મને ભીષ્મ યાદ કરે છે.

ભીષ્મપિતા તે વખતે મૃત્યુશૈયા પર પોઢેલા છે.તેમનું મરણ સુધારવા ભગવાન પાછા આવ્યા છે. મહાત્માઓનું મરણ મંગલમય હોય છે.સંતનો જન્મ આપણા જેવો હોય છે,તેથી તેઓની જન્મ તિથિ ઊજવાતીનથી.પરંતુ સંતોનું મરણ પુણ્યમય હોય છે, મંગલમય હોય છે, તેથી તેઓની મરણતિથિ ઊજવાય છે. ભીષ્મ પિતાનું મરણ કેવી રીતે થાય છે તે જોવા મોટામોટા ઋષિઓ ત્યાં આવ્યા છે.

ધર્મરાજાને પ્રભુએ ઉપદેશ કર્યો પણ તેને સાંત્વના મળતી નથી, એટલે પ્રભુ તેમને ભીષ્મ પિતા પાસે જવા કહે છે.બધા બાણ ગંગાના કિનારે ભીષ્મ સૂતા છે ત્યાં આવ્યા છે. બાણશૈયા પર પોઢેલા ભીષ્મ વિચારે છે કે, ઉત્તરાયણમાં મારે મરવું છે. તેમણે કાળને કહ્યું કે, હું તારો નોકર નથી. મારા શ્રીકૃષ્ણનો સેવક છું.મને ભગવાને વચન આપેલું છે કે, અંતકાળે હું જરૂર આવીશ. પણ તેઓ કેમ હજુ દેખાતા નથી? મારા નારાયણ આવે તો તેમના દર્શન કરી હું પ્રાણત્યાગ કરીશ. આમ વિચારે છે તે જ વખતે ધર્મરાજા ત્યાં આવે છે.

ભીષ્મ ધર્મરાજાને કહે,શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે. મારું મરણ સુધારવા તેઓ આવ્યા છે. ભીષ્મે ભગવાનને વચનથી બાંધ્યા હતા. કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી, આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યા નથી દાદાજી, તમે બરાબર લડતા નથી તમારે મને જ મારવો છે.આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા. આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું, ત્યારે તારી રાણીને આશીર્વાદલેવા મોકલજે.હું અખંડ સૌભાગ્યનું વરદાન આપીશ પછી તો હું તારું હિત ચાહું છું.એની તને ખાતરી થશે ને! શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે, દાદાજી તો ઘરના છે. આજે જ જવાની શું ઉતાવળ છે?આવતી કાલે દર્શન કરવા જજે ને.

ભાનમુતિ કહે,ભલે,તો કાલે ડોસા ને ગમે ત્યારે મળશે.પછી શ્રીકૃષ્ણે વૌપદીને જગાડી,અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા.

ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી, હાથમાં દીવો વગેરે સ્વરૂપવાળા ભગવાનદેખાય છે.આજે ભગવાન દ્રૌપદીના ખવાસ થઈને આવ્યા છે દ્વારપાળે અટકાવ્યા.પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદી અંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપેછે,અખંડ સૌભાગ્યવતી ભવ!

દ્રૌપદી બોલી, દાદાજી, તમારો આશીર્વાદ સાચો પડશે જ.ભીષ્મ પૂછે છે કે,તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું.ભીષ્મ કહે,મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં.પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમાં લીધી છે,સાચા હૃદયથી નહીં. સાચા હૃદયથી તને આશીર્વાદ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે?શ્રીકૃષ્ણનું જ આ કામ ક્યાં છે એ!ભીષ્મ દોડતા બહાર આવ્યા.શ્રીકૃષ્ણને કહે, આજે તો હું આપનું ધ્યાન કરું છું પણ અંત કાળે તમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી. માટે અંતકાળે મારી લાજ રાખવા આવજો તે વખતે મને લેવા આવજો!તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મ પિતાને વચન આપેલું કે હું જરૂર આવીશ તેમને આપેલુંએ વચન સત્ય કરવા આજે દ્વારિકાનાથ પધાર્યા છે. પ્રભુની રોજ પ્રાર્થના કરજો. મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે,પણ અંત કાળે દુઃખથી દેહનું સંધાન થાય છે તેથી પરમા ત્માનું સ્મરણ કરવું કઠણ છે.

વાચક ચાહક મિત્રો,સમયની એક ખૂબ જ સારી આદત છે,ગમે તે થાય,તે પસાર થઈ જાય છે! સફળ વ્યક્તિ ખુશ હોય કે ન હોય,પણ ખુશ વ્યક્તિ ચોક્કસ પણે સફળ થાય છે.

### ૬૦૦૦ ઓડિશન્સમાંથી પસંદ થયેલી કલાકાર છે

# પ્લમ્બરનું કામ કરતા પિતાની પુત્રી અભિનેત્રી કાજોલ સાથે ફિલ્મમાં દેખાશે

**ગુજરાતના વ્યારા શહેરની ૧૫ વર્ષની યુવતી જયનિશા નાયકે કાજોલ સાથે ફિલ્મ "મા"માં ભૂમિકા ભજવી છે**

દક્ષિણ ગુજરાતના વ્યારા શહેરની ૧૫ વર્ષની યુવતી, જયનિશા નાયક, આજે માત્ર પોતાની શાળા કે પરિવાર માટે નહીં, પણ સમગ્ર જિલ્લાની શાન બની છે. નાની ઉંમરમાં અભિનય ક્ષેત્રે વિશાળ સફળતા મેળવનારી જયનિશાએ દર્શાવ્યું છે કે મહેનત, પ્રતિભા અને મનોબળ સાથે સપનાઓને સાકાર કરી શકાય છે. જયનિશા અજય દેવગણ પ્રોડક્શન હેઠળ બનેલી ફિલ્મ "મા"માં કાજોલની સાથે જોવા મળશે. આ હોરર-ડ્રામા ફિલ્મમાં તેણે એક **"Possessed Girl"** (ભૂતગ્રસ્ત છોકરી)ની અગત્યની ભૂમિકા ભજવી છે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ માટે સમગ્ર દેશમાં થયેલી ૬૦૦૦થી વધુ ઓડિશન્સમાંથી માત્ર ૬ છોકરીઓ પસંદ કરવામાં આવી હતી, જેમાં ગુજરાતમાંથી પસંદ થનારી એકમાત્ર કલાકાર જયનિશા હતી. ટેલિવિઝન અને વેબ સિરીઝની સફરમાં, સુહાગન, દહેજદાસી, **Dustbin (Web Series)** જેવા વિવિધ મંચો પર જયનિશાએ પોતાની અભિનય ક્ષમતા અને ભાવ પ્રગટ કરવાની અદભુત કલા દ્વારા દર્શકોના દિલ જીતી લીધા છે. ઉપરાંત, રોનિત રોય જેવા અનુભવી કલાકાર સાથે "બેટી બચાવો, બેટી પઢાવો" થીમ આધારિત શોર્ટ ફિલ્મ **"The Little Firefly"** માં પણ ભાગ લીધો છે. મોડેલિંગથી અભિનય સુધીની સફર છે જયનિશાની. તેણે પોતાની કારકિર્દીની શરૂઆત મોડેલિંગથી કરી હતી અને અત્યાર સુધીમાં ૯થી વધુ ટાઈટલ્સ અને વિજેતાપદ મેળવ્યા છે. તેની માતા સોનીકાબેને તેનામાં રહેલા જઝ્બો અને પ્રતિભાને ઓળખી તેને યોગા, જીમ, ફેશન શો અને સ્વિમિંગ જેવી તાલીમ આપી હતી. તે આજે પણ દરરોજ સવારે આ શિસ્તભર્યા અભ્યાસ દ્વારા પોતાને વધુ પુખ્ત બનાવી રહી છે. સપનાની પાછળ ઊભા છે જયનિશાના પિતા સુધાકરભાઈ નાયક, જે વ્યારામાં પ્લમ્બર તરીકે કામ કરે છે, અને માતા સોનીકાબેન, જેઓ તેમના દરેક સપનું સાકાર કરવા માટે અડીખમ મહેનત કરે છે. તેમના ૬ સભ્યોના પરિવારમાં ત્રણ બહેનો અને એક ભાઈ છે, જે તમામ જયનિશાને સતત સહારો અને પ્રોત્સાહન આપે છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન ૭-સ્ટાર હોટલ અને પ્લેન યાત્રાનો આનંદ તેમના માટે એક નવો અનુભવ રહ્યો છે. વિપરીત પરિસ્થિતિઓને અવગણીને આગળ વધવું, નાની ઉંમરે મોટું સપનું જોવું અને તેને સાકાર કરવાનો સાહસિક ઉદાહરણ એટલે – જયનિશા નાયક. વ્યારાની ગલીમાંથી બોલિવૂડના સ્ટુડિયો સુધીની તેમની સફર કોઈ ફિલ્મી કહાણી નહીં.

# લાગણી અને દેશભક્તિ વચ્ચેની કશ્મકશનું રેખાંકન કરશે 'સરઝમીન' ફિલ્મ

કાજોલ, પૃથ્વીરાજ સુકુમારન અને ઈબ્રાહિમ અલી ખાન અભિનીત ફિલ્મ 'સરઝમીન'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. થોડા દિવસો પહેલા, આ ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ થયો હતો, જેમાં કાજોલ એક મુશ્કેલીગ્રસ્ત મહિલા, પૃથ્વીરાજ સુકુમારન દુશ્મનો સાથે લડતા સૈનિક અને ઈબ્રાહિમ અલી ખાન આતંકવાદી તરીકે જોવા મળ્યા હતા. ત્રણેયના લુક અને ફિલ્મના ટીઝરથી દર્શકોમાં આ ફિલ્મની વાર્તા શું બનવાની છે તે અંગે રસ જાગ્યો હતો.પૃથ્વીરાજની સામે એક કિશોર છોકરો ઉભો છે. તે ડરેલો છોકરો તેનો પુત્ર હરમન છે. પૃથ્વી તેના પુત્રને પૂછે છે - તમે તેને કેમ ન માર્યો? પૃથ્વીરાજના પોતાના દીકરા સાથેના સંબંધો સારા નથી. કાજોલ હરમનની માતા અને પૃથ્વીરાજની પત્નીની ભૂમિકા ભજવી રહી છે. પિતા-પુત્રના સંબંધો સારા નથી. હરમનના પિતા તેને પસંદ નથી કરતા. તેના માટે હરમન એક નબળો વ્યક્તિ છે. કાજોલ પૃથ્વીરાજને સમજાવવાનો પ્રયાસ કરે છે પણ તેનો કોઈ ફાયદો નથી. તેના પિતા તરફથી મળેલી નફરતથી, હરમન મોટો થાય છે અને ઈબ્રાહિમ અલી ખાનનું રૂપ ધારણ કરે છે,



જે એક ક્રૂર આતંકવાદી છે.આગળ, ઈબ્રાહિમ અલી ખાનનો જબરદસ્ત એક્શન અવતાર જોવા મળશે. આ ઈબ્રાહિમનો પહેલો શક્તિશાળી રોલ છે, જેમાં તે એક્શન કરતો જોવા મળશે. ટ્રેલરમાં, માતા કાજોલ નારાજ છે, જ્યારે પૃથ્વીરાજ અને ઈબ્રાહિમ વચ્ચેનો ઝઘડો પણ જોવા મળે છે. બંને એકબીજાની સામે બંદૂકો તાકીને ઉભા છે. બંને વચ્ચે શું થશે? ફિલ્મની વાર્તામાં કયા મોટા ટ્વિસ્ટ આવશે.

### વિક્રાંત મેસ્સીના મતે

# 'ઈન્ડસ્ટ્રીમાં અંદર અને બહારવાળાની વાતો પંચાત જેવી'

**વિક્રાંતે ટીવી સિરીયલથી પોતાની કેરિઅર શરૂ કરી હતી, ધીરે ધીરે તેણે ફિલ્મની દુનિયામાં પોતાની જગ્યા બનાવી છે**



વિક્રાંત મેસ્સીની ગણતરી ઈડસ્ટ્રીનાં ઘણા ટેલેન્ટેડ કલાકારોમાં થાય છે, તેણે ઘણા યાદગાર પાત્રો કર્યા છે. હવે તેની શનાયા કપૂર સાથેની ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં' આવી રહી છે, ત્યારે એક ઈન્ટરવ્યુમાં વિક્રાંતે ઈન્ડસ્ટ્રીમાં હંમેશા ચર્ચાતા કેટલાંક વિષયોમાંથી અંદરના લોકો અને બહારના લોકો મુદ્દે પોતાના વિચારો જણાવ્યા હતા. આ બધી વાતોને ફગાવી દેતા વિક્રાંતે કહ્યું હતુ કે આ આવી બધી ચર્ચાઓ સોશિયલ મીડિયા પરની પંચાતની વાતો છે.વિક્રાંતે કહ્યું કે મોટા ભાગે ઈન્ડસ્ટ્રીની બહારના લોકો જ આવી ચર્ચાઓને વેગ આપતાં હોય છે. વિક્રાંતે કહ્યું, ''આ બધી સોશિયલ મીડિયાની વાતો છે. આવી વાતો એ લોકો જ કરે છે, જે બહાર બેઠાં છે.''વિક્રાંતે ટીવી સિરીયલથી પ ોતાની કેરિઅર શરૂ કરી હતી. ધીરે ધીરે તેણે ફિલ્મની દુનિયામાં પોતાની જગ્યા બનાવી છે. તેણે 'એ ડેથ ઈન અ ગંજ', 'છપ ાક', '૧૨ ફેઈલ' અને 'ગેસલાઈટ' જેવી ફિલ્મ કરી છે. તે કોઈ ફિલ્મી પરિવારમાંથી ન આવતો હોવા છતાં તેણે પોતાના માટે એક સુરક્ષિત સ્થાન બનાવી લીધું છે. વિક્રાંતે કહ્યું, ''જો તમે પણ અમારી ભ્રેટરનિટીનો જ ભાગ હોય તો, અહીં કોઈ એ દૃષ્ટિએ જોતું નથી. મોટા ભાગના, હું કમ સે કમ મારા વિશે વાત કરું તો, મારી વાત તમે માનો તો, હું તમારી દૃષ્ટિએ આઉટસાઈડર છું, તો એવું કશું નથી, આ બધી સોશિયલ મીડિયાની વાતો છે. તો અમે આવી વાતોમાં ધ્યાન આપતા નથી કારણ કે આમાં કોઈ સચ્ચાઈ નથી.''વિક્રાંત અને શનાયા કપૂરની ફિલ્મ આંખો કી ગુસ્તાખિયાં ૧૧ જુલાઈએ થિએટરમાં રિલીઝ થવાની છે. મંગળવારે આ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું છે, જેમાં વિક્રાંત એક પ્રજ્ઞાચક્ષુ થિએટર આર્ટિસ્ટનો રોલ કરે છે, જે શનાયાના પ્રેમમાં પડે છે, જે પણ એક થિએટર આર્ટિસ્ટ છે, અને તેઓ આંખે પાટા બાંધીને દુનિયાના અનુભવ કરવાનું નક્કી કરે છે.


# કાંટા લગા ગીતની સિક્વલ કે રિમેક ક્યારેય નહીં બને

**ગીતના મ્યુઝિક ડાયરેક્ટર વિનય સપ્રુએ શેફાલી જરીવાલાને શ્રદ્ધાંજલિ આપી કહ્યું કે કાંટા લગા ગીતની સિક્વલ કે રિમેક ક્યારેય નહીં બને**

શેફાલી જરીવાલાનું ૪૨ વર્ષની ઉંમરે અવસાન થયું અને તેમના નિધનથી માત્ર તેમના ચાહકો અને પરિવાર જ નહીં પરંતુ સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પણ આઘાત લાગ્યો છે. શેફાલી કાંટા લગા ગીતથી જાણીતી થઈ હતી. ૨૭ જૂનના રોજ અચાનક કાર્ડિયાક અરેસ્ટને કારણે અભિનેત્રીએ આ દુનિયાને અલવિદા કહ્યું. અભિનેત્રીના નિધન પછી, રાધિકા રાવ અને કાંટા લગા ગીતના મ્યુઝિક ડાયરેક્ટર વિનય સપ્રુએ સોશિયલ મીડિયા પર શેફાલી જરીવાલાને શ્રદ્ધાંજલિ આપી કહ્યું કે કાંટા લગા ગીતની સિક્વલ કે રિમેક ક્યારેય નહીં બને.

ગુરુવારે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવનાત્મક પોસ્ટમાં રાધિકા અને વિનયે લખ્યું, ગઈકાલે પ્રાર્થના સભા હતી. અમારી અંતિમ વિદાય... આપણું કાંટા લગા - સીડી ઈનલે કાર્ડ માટે પહેલુ ફોટો સેશન... હવે બીજી કોઈ કાંટા લગા ગર્લ નહીં બને અને શેફાલી હંમેશા એકમાત્ર કાંટા લગા ગર્લ રહેશે.

આ પોસ્ટમાં તેમણે લખ્યું કે, તમે હંમેશા કહ્યું હતું કે હું એકમાત્ર



કાંટા લગા ગર્લ બનવા માંગુ છું. તેથી અમે ક્યારેય સિક્વલ બનાવી નથી અને હવે ક્યારેય બનાવીશું પણ નહીં. અમે કાંટા લગાને હંમેશા માટે રીટાયર્ડ કરી રહ્યા છીએ. તે હંમેશા તમારું હતું અને તમારું રહેશે... શેફાલી... RIP.

શેફાલી ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં કાંટા લગાના રિમિક્સથી પ્રખ્યાત થઈ હતી જે દેશભરમાં રાતોરાત ફેમસ બની ગયું અને પોપ કલ્ચરના ઈતિહાસમાં તેનું નામ અંકિત કરી દીધું. વર્ષો પછી, ૨૦૨૦માં એક ઈન્ટરવ્યૂમાં, શેફાલીએ ખુલાસો કર્યો હતો કે કેવી રીતે આ ગીતે તેનું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું.

શેફાલીએ આ ગીત વિષે વાર કરતા કહ્યું હતું કે, કાંટા લગાને ૧૭ વર્ષ થઈ ગયા છે અને હું આ વાત પર વિશ્વાસ કરી શકતી નથી. એવું લાગે છે કે તે ગઈકાલની જ વાત છે. સારું, કાંટા લગા મારી સાથે બિલકુલ આકસ્મિક રીતે બન્યું. હું મારી કોલેજની બહાર આરામ કરી રહી હતી અને મ્યુઝિક ડાયરેક્ટર, રાધિકા રાવ અને વિનય સપ્રુએ મને ત્યાં જોઈ અને તેઓએ મને ગીત ઓફર કર્યું. મેં ફક્ત મજા અને થોડી પોકેટમની માટે હા પાડી દીધી. આ ગીતે મારું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું. તેઓ ગોડમધર જેવા હતા. તેઓ આવ્યા અને તેમની જાદુઈ લાકડી ફેરવી. આ કદરૂપી બતકને એક સુંદર હંસમાં ફેરવી દીધી. તેમણે મારું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું અને લોકોને હું હંમેશા કાંટા લગા ગર્લ તરીકે યાદ રહું એવી મારી ઈચ્છા છે.

### અભિનેત્રીએ ટીવી અભિનેતા જય ભાનુશાલી સાથે લગ્ન કર્યા હતા

# અભિનેત્રી માહી વિજને એક તબક્કે અપશુકનિયાળ માનવામાં આવતી

**અભિનેત્રીએ ખુલાસો કર્યો કે તેના ઘણા સંબંધીઓ અને પરિવારજનોએ તે સમયે અંધવિશ્વાસને કારણે તેને બેબી શાવરમાં આમંત્રણ આપ્યું ન હતું**


માહી વિજ ભારતીય ટીવી ઉદ્યોગના સૌથી પ્રખ્યાત ચહેરાઓમાંના એક છે. અભિનેત્રીએ ૨૦૧૧ માં ટીવી અભિનેતા જય ભાનુશાલી સાથે લગ્ન કર્યા. આ દંપતીએ ૨૦૧૭માં બેબાળકો, રાજવીર અને ખુશીને પાલક માતાપિતા તરીકે દત્તક લીધા હતા અને ૨૦૧૯ માં, તેઓએ પુત્રી તારાનું સ્વાગત કર્યુ. માહી વિજે પ્રજનનક્ષમતા સાથેના તેના સંઘર્ષ અને માતૃત્વના પડકારો વિશે ખુલ્લેઆમ વાત કરી છે. તાજેતરમાં, અભિનેત્રીએ ખુલાસો કર્યો કે તેના ઘણા સંબંધીઓ અને પરિવારજનોએ તે સમયે અંધવિશ્વાસને કારણે તેને બેબી શાવરમાં આમંત્રણ આપ્યું ન હતું.એક મુલાકાતમાં માહી વિજે કહ્યું કે તે તેના મિત્રો અને પ રિવારના બેબી શાવર પાર્ટીઓની ઉજવણી કરતી તસવીરો જોતી હતી. આ રીતે તેણીને ખબર પડી કે તેણીને આ કાર્યોમાં આમંત્રણ આપવામાં આવી રહ્યું નથી. માહીએ ખુલાસો કર્યો કે જ્યારે તેણીને પ્રજનન સમસ્યાઓ હતી ત્યારે આ એકમાત્ર વસ્તુ હતી જે તેને પરેશાન કરતી હતી. અભિનેત્રીએ કહ્યું કે જે



સંબંધીઓના નામ તે જાહેર કરવા માંગતી નથી, તેઓ વિચારતા હતા, 'નઝર લાગેગી ઈસ્કી.'માહીએ કહ્યું કે આનાથી તેણીને દુઃખ થતું હતું કારણ કે તે માને છે કે અન્ય લોકો સાથે ખુશી શેર કરવાથી ખુશી વધે છે. તેણીએ એમ પણ કહ્યું કે જ્યારે તેણીઆઈવીએફ દ્વારા ગર્ભવતી થઈ હતી, ત્યારે તેણીએ તેની માતા, સાસુ અને તેના શ્રેષ્ઠ મિત્ર સાથે પણ આ સમાચાર શેર કર્યા હતા. માહીએ ખુલાસો કર્યો કે લોકોની ધારણાઓ કે તેણીને ખુશીના પ્રસંગે ખરાબ નજરે જોવામાં આવશે તે તેને દુઃખ પહોંચાડતી હતી કારણ કે તે આવી નથી.તેણીએ કહ્યું, 'જ્યારે હું ગર્ભવતી ન હતી ત્યારે મને એક જ વાત પરેશાન કરતી હતી જ્યારે મારા મિત્રો અને મારા નજીકના પરિવારના સભ્યો, હું તેમનું નામ લેતી ન હતી, તેઓ મને બેબી શાવર માટે આમંત્રણ આપતા ન હતા.

### વીડિયો સંપુર્ણપણે આઈમેક્સ એક્સ્પિરીયન્સ સાથે બનાવાયો છે

# 'રામાયણ' ફિલ્મની પહેલી ઝલક VFXથી ભરપૂર




**આ ફિલ્મ બે ભાગમાં બની છે, પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે**

જ્યારથી 'રામાયણ' ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી આ ફિલ્મની દરેક બાબત ચર્ચામાં રહી છે. આ ફિલ્મ એ ભારતના ભવ્ય વારસા અને સમૃદ્ધ ઈતિહાસને એક શ્રદ્ધાંજલિ છે, જેમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા અને યશ રાવણના રોલમાં જોવા મળશે, તે વાત પણ જાહેર છે. આ ફિલ્મમાં પૌરાણિક વાર્તાને વિશ્વ કક્ષાની સ્ટોરી ટેલિંગ અને વિઝ્યુલ એક્સપિરીયન્સ સાથે બનાવવામાં આવી રહી છે. હજુ તો આ ફિલ્મ રિલીઝ થવાને ૨૦૨૬ની દિવાળી સુધીનો સમય છે. ત્યારે આ ફિલ્મની પહેલી ઝલક આપવામાં આવી છે. આ એક ત્રણ મિનિટનો વીડિયો છે, જે ઓનલાઈન સોશિયલ મીડિયામાં તેમજ થિએટરમાં પણ દર્શાવાયો હતો. આ વિડિયો ત્રિદેવના પરિચયથી શરૂ થાય છે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, જેઓ બ્રાહ્માંડમાં સંતુલન જાળવી રાખવાનું કામ કરે છે. વીડિયોમાં જણાવાયું છે કે જ્યારે બ્રહ્માંડનું પતન થવા લાગે છે, અંધાધુંધી છવાય છે અને ભગવાન રામમાં એક આશાનું કિરણ દેખાય છે, ધર્મ રક્ષમક રામ.ત્યાર પછી આ વીડિયોમાં એક કવિતાનું પઠન થાય છે, જેમાં રામના મુલ્યો દર્શાવાયા છે, તેમની કરુણા, શક્તિ અને ન્યાયપ્રિયતા. એઆઈ અને વીએફએક્સ દ્વારા આ વિષયો જીવંત કરાયા છે. આગળ જઈને આ વીડિયોમાં રામ અને રાવણ વચ્ચેનાં યુદ્ધની પણ વાત આવે છે. જેમાં ભગવાન રામ તરીકે રામ કપૂર અને શક્તિશાળી અને ભયાવહ રાવણ તરીકે યશને જોઈ શકાય છે.આ વીડિયો સંપુર્ણપણે આઈમેક્સ એક્સ્પિરીયન્સ સાથે બનાવાયો છે. આ ફિલ્મમાં રવિ દુબે લક્ષ્મણના રોલમાં, સની દેઓલ હનુમાનજીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ શ્રીધર રાઘવન દ્વારા લખવામાં આવી છે. જ્યારે એ.આર. રહેમાન અને હંસ ઝીમર દ્વારા સંયુક્ત રીતે આ ફિલ્મનું સંગીત આપવામાં આવ્યું છે. આ ફિલ્મ બે ભાગમાં બની છે, પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે.

# અમિતાભ બચ્ચનની ઓનસ્ક્રીન પુત્રી લગ્ન વિના માતા બનશે

**ભાવના રમન્ના સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે, અભિનેત્રીએ તાજેતરમાં ઇન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કર્યો છે**



અમિતાભ બચ્ચનની ઓનસ્ક્રીન 'પુત્રી' ૪૦ વર્ષની ઉંમરે લગ્ન કર્યા વિના માતા બનશે. તાજેતરમાં તેણે બેબી બમ્પ બતાવતી તસવીરો શેર કરી છે. બોલિવૂડ અભિનેતા અમિતાભ બચ્ચનની ફિલ્મ 'ફેમિલી'માં જોવા મળેલી અભિનેત્રી ભાવના રમન્ના હવે તેના ઘરમાં રહેવાની છે. આ અભિનેત્રી ટૂંક સમયમાં બે બાળકોને જન્મ આપશે. તેણીએ પોતે સોશિયલ મીડિયા દ્વારા ચાહકો સાથે આ ખુશખબર શેર કરી છે. આશ્ચર્યજનક વાત એ છે કે અભિનેત્રીએ હજુ સુધી લગ્ન પણ કર્યા નથી અને તે અપરિણીત માતા બનવા જઈ રહી છે.ભાવના રમન્ના સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. અભિનેત્રીએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કર્યો છે. જેમાં તે અનારકલી સૂટ પહેરીને તેના બેબી બમ્પને ફલોન્ટ કરી રહી છે. ખરેખર, અભિનેત્રી લગ્ન વિના આઈવીએફ દ્વારા માતા બની રહી છે. તે હાલમાં છ મહિનાની ગર્ભવતી છે. અભિનેત્રીની આ પોસ્ટ જોઈને ચાહકો તેને અભિનંદન આપવા માટે વ્યસ્ત છે.ભાવનાએ બેબી બમ્પ સાથેનો ફોટો શેર કર્યો અને કેપ્શનમાં લખ્યું, ''મેં ક્યારેય વિચાર્યુ ન હતું કે હું આ કહીશ. પણ જુઓ, હું ગર્ભવતી છું, છ મહિનાની ગર્ભવતી છું અને જોડિયા બાળકો છે. જ્યારે હું ૨૦ અને ૩૦ વર્ષની હતી, ત્યારે મેં માતા બનવાનું વિચાર્યુ ન હતું. પછી જ્યારે હું ૪૦ વર્ષની થઈ, ત્યારે મારા મનમાં માતા બનવાની ઈચ્છા જાગી. જોકે, એકલી સ્ત્રી માટે આ બિલકુલ સરળ નહોતું. જ્યારે મેં આ નિર્ણય લીધો, ત્યારે ઘણા ક્લિનિક્સે મને ના પાડી. પરંતુ મારા પિતા, ભાઈ-બહેન અને મિત્રો મને ટેકો આપી રહ્યા હતા. તેઓએ ક્યારેય મારા નિર્ણય પર સવાલ ઉઠાવ્યા નહીં.ભાવના બોલિવૂડ અભિનેત્રી છે. જેમણે ઘણી ફિલ્મોમાં કામ કર્યુ છે. અભિનેત્રીએ 'ફેમિલી' ફિલ્મમાં અમિતાભ બચ્ચનની પુત્રીની ભૂમિકા ભજવી હતી. અભિનય ઉપરાંત, તે એક તાલીમ પામેલી શાસ્ત્રીય નૃત્યાંગના પણ છે.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજ તા ૭/૭/૨૦૨૫ રોજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ઉદય તિલાવત સાહેબ, જિલ્લા ક્ષય અધિકારી ડો.આર.ડી.પહાડીયા સાહેબ, તાલુકા આરોગ્ય અધિકારી ડો. તુષાર ભાભોર સાહેબ ના માર્ગદર્શન અને મેઈલ સુપરવાઈઝરની સીધી દેખરેખ હેઠળ મેઈલ હેલ્થ વર્કર દ્વારા *“રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ” અંતર્ગત “૧૦૦ દિવસ ટીબી કેમ્પેન ઝુંબેશ” અભિયાન દ્વારા જુદી-જુદી કેટેગરીના જેવી કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના, ડાયાબિટીસ, માલ ન્યુટ્રિશન, જૂના ટીબી દર્દી તેમજ ટીબી દર્દીના હાઉસ હોલ્ડ કોન્ટેક્ટ ગામડી PHC ના લાભાર્થીના SDH ઝાલોદ ખાતે ઠ-ઈફ્ઝ્અ પાડવામાં આવ્યા હતા.

## ૮ અને ૯ જુલાઈના રોજ ખોડિયાર-ગાંધીનગર વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૧૫ બંધ રહેશે

। અમદાવાદ, તા.૭ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર ખોડિયાર-ગાંધીનગર સેક્શન વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૧૫ કિમી ૫૨૩/૧૧-૧૨ (સરગાસણ-ઉવારસદ રોડ) ૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ સાંજે ૧૮:૦૦ વાગ્યા સુધી ઓવરહોલિંગ અને મશીન ટેમ્પિંગના કામ માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ રેલ્વે ક્રોસિંગ (RUB) નં. ૧૬ કિમી (૫૨૪/૪-૫) પરથી મુસાફરી કરી શકશે.

## ઝાલોદ તાલુકાના ગરાડુ ગામની ઉત્તર બુનિયાદિત આશ્રમ શાળા ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતામાં યોજાયો કાર્યક્રમ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ તાલુકામાં ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન” અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ વિભાગની વિવિધ યોજનાકીય લાભ વિશે,તેમજ આંગણવાડીમાં થી આપવામાં આવતા THR ની વિવિધ વાનગીઓ નું નિદર્શન કરી લાભાર્થીઓને તેના ઉપયોગ વિશેની માહિતી.

ઝાલોદ તાલુકાના ગરાડુ ગામની ઉત્તર બુનિયાદિત આશ્રમ શાળા ખાતે યોજાયો કાર્યક્રમ યોજાયો હતો.

“ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન” અંતર્ગત દાહોદના ઝાલોદ ના ગરાડુ ગામે ઉત્તર બુનિયાદિત આશ્રમ શાળા ખાતે સરકારશ્રીના વિવિધ વિભાગો થકી મૂળ લાભાર્થી ઓને લાભ મળી રહે તે હેતુસર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાકલસ્ટરમા સમાવિષ્ટ આઈ.સી.સી.ડી.એસ વિભાગ, આઈ. સી.ડી.એસ આધાર કીટ, ખેતીવાડી વિભાગ, આધારકાર્ડ, પશુપાલન, આવક પ્રમાણપત્ર, જન્મ મરણ પ્રમાણપત્ર, બી.પી.એલ દાખલા, આકારણી, રહેઠાણ અંગેના દાખલા, ઓળખાણ અંગેના દાખલા, પુનઃ લગ્ન ન હોય તે અંગેના દાખલા સહિત ૧૫ જેટલા વિભાગોમાં લાભાર્થીઓને લાભ





મળી રહે તે હેતુ થી કાર્યક્રમ યોજવામાં આવ્યો.

ઝાલોદ તાલુકા ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરિયા, પ્રાંત અધિકારી, સીડીપીઓ માછી નીલુબેન, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચો, તાલુકા પંચાયત સભ્ય, ગામના આગેવાનો તથા મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર હાજર હતા.

## કર્ણાટકમાં યોજાયેલી રાષ્ટ્રીય પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ માં વડોદરાના પીટી શિક્ષકે બ્રોન્ઝ મેડલ જીત્યો...

। (માહિતી) વડોદરા, તા.૭ ।

વડોદરામાં પીટી (શારીરિક તાલીમ) શિક્ષિકા અંજના બાબુભાઈ રોહિતે તાજેતરમાં કર્ણાટકમાં યોજાયેલી ૫૧મી પુરુષો અને ૪૩મી મહિલા ઓપન નેશનલ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં એકંદરે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તેમણે પાવરલિફ્ટિંગમાં -૫૨ કેટેગરીમાં સ્ક્વોટ્સમાં સિલ્વર, બેન્ચ પ્રેસમાં ગોલ્ડ અને ડેડલિફ્ટમાં બ્રોન્ઝ જીત્યો, જેના પરિણામે તેમને એકંદરે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો.

અંજનાબેન વડોદરાની એક ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહ્યા છે અને વર્ષ ૨૦૧૭ માં પાવરલિફ્ટિંગ શરૂ કરી હતી. તેમણે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લીધો છે અને ૧૦ થી વધુ વખત રાજ્ય સ્તરે ગુજરાતની સ્ટ્રોંગ વુમન તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. વધુમાં SGFI ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ પણ જીત્યો છે. અંજનાબેન રમતગમતના



શોખીન છે અને તેમણે કબડ્ડી ખેલાડી તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ, તેઓ પાવરલિફ્ટિંગ તરફ વળ્યાં અને ત્યારથી દેશભરમાં રમાયેલી અસંખ્ય ચેમ્પિયનશિપમાં પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યા છે. તેમની પ્રથમ રાજ્ય સ્પર્ધામાં ગોલ્ડ અને જમ્મુ ખાતે તેમની પ્રથમ રાષ્ટ્રીય સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યા. તેઓ દરરોજ ત્રણથી ચાર કલાક પ્રેક્ટિસ કરે છે અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું સ્વપ્ન જીવી રહ્યા છે.

## પીએમ કિસાન યોજનાનાં રૂ. ૨૦૦૦ના આગામી હપ્તા માટે ખેડૂત નોંધણી ફરજિયાત

। (માહિતી) બોટાદ, તા.૭ ।

એગ્રીસ્ટેક પ્રોજેકટ અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારનાં સંયુક્ત પ્રયાસોથી ફાર્મ રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી. મળશે. રાજ્યમાં ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ થી ખેડૂત નોંધણી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારે પીએમ કિસાન યોજનાના રૂ. ૨૦૦૦ ના આગામી હપ્તા માટે ખેડૂત આઈ. ડી.ની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આજ દિન સુધીમાં બોટાદ જિલ્લામાં ૬૫૦૦૦ થી વધુ ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત ખેડૂત નોંધણી કરાવેલ છે. જેમાં બરવાળા તાલુકામાં ૯૧૫૯, બોટાદ તાલુકામાં ૧૯૧૮૮, ગઢડા તાલુકામાં ૨૩૦૩૧ અને રાણપુર તાલુકામાં ૧૩૬૫૫ જેટલાં ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત ખેડૂત નોંધણી કરાવી છે. આથી બાકી રહેતાં બરવાળા તાલુકાનાં ૧૯૯૫, બોટાદ તાલુકાનાં ૬૮૩૬, ગઢડા તાલુકાનાં ૫૩૧૮ અને રાણપુર તાલુકાનાં ૩૮૨૧ જે તાલુકાઓના કુલ ૧૭૯૭૦ જેટલાં પીએમ કિસાન યોજનાનાં લાભાર્થી તમામ ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત કચેરીએ વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રીન્યોર(વીસીઈ) તથા કોમન સર્વિસ સેન્ટર (સીએસસી)નો તેમજ ગ્રામસેવકશ્રીનો સંપર્ક કરી ખેડૂત રજીસ્ટ્રેશન કરાવી શકશે. હાલમાં જિલ્લામાં કામગીરી સતત ચાલું છે અને તમામ ગામોમાં આ કામગીરીની નોધપાત્ર પ્રચાર પ્રસાર થકી ગત પખવાડિયામાં ૧૦૫૦૦ઉપરાંતખેડુતોએફાર્મર રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

## મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે વિંછીયા ખાતે રૂ. પાંચ કરોડથી વધુના ખર્ચે ભૂગર્ભ ગટરના કામનું ખાતમુહૂર્ત





। (માહિતી) રાજકોટ, તા.૭ ।

મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ વિંછીયા ખાતે વિંછીયા ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ અંતર્ગત રૂ.૫.૧૦ કરોડના કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ભૂગર્ભ ગટર, સી.સી. રોડ તેમજ પેવર બ્લોક માટેનાં કામનો સમાવેશ કરાયો છે. વિંછીયા ભુગર્ભ ગટર ભાગ-૨મા વિંછીયા તાલુકાના શિવાજી પરા, અનુસુચિત જાતી વાસ, ફાંગસીયા પરા, રામદેવનગર વિસ્તાર તેમજ પોલીસ સ્ટેશનની પાછળના નવા પ્લોટીંગ વિસ્તારમાં નવીન ભુગર્ભ ગટરની કામગીરી તેમજ ભુગર્ભ ગટર ભાગ-૧ માં બાકી રહેલ હાઉસ ચેમ્બર તથા ભુગર્ભ ગટરની કામગીરી દરમિયાન નુકશાન થયેલ સી.સી. રોડની કામગીરી કરાશે. આ ખાતમુહૂર્ત થતા વિંછીયાનાં વિવિધ વિસ્તારોમાં ભૂગર્ભ કામ, સી.સી રોડના કામ તેમજ પેવર બ્લોકના નિર્માણની કામગીરી હાથ ધરાશે.

## કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી. આર. પાટીલે ૮ દિવ્યાંગજનોને ઈ-ટ્રાઈસિકલની ભેટ આપી



। (માહિતી) સુરત, તા.૭ ।

કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે સુરત ખાતે આજે દેશમાં સૌપ્રથમવાર એક સાથે ૮ દિવ્યાંગજનોને ઈલેક્ટ્રિક ટ્રાઈસિકલની ભેટ આપી હતી. સુરતના આ દિવ્યાંગો ભરતકામ, બુક બાઈન્ડિંગ, પેપર ડિસ્ટ્રીબ્યુશન, કંકોત્રી, કાર્ડ મેકિંગનું કામ કરી અન્ય પર આધારિત ન રહેતા આત્મનિર્ભર, સ્વાવલંબી અને સન્માનભર્યું જીવન જીવી રહ્યા છે. આ દિવ્યાંગોમાં ચાર ભાઈઓ અને ચાર બહેનો છે, જેઓએ ઈ ટ્રાઈસિકલની ભેટ મળવા બદલ આનંદિત થઈને મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શહેર સંગઠન પ્રમુખ શ્રી પરેશ પટેલ, VNSGU મનેજમેન્ટ સમિતિના સભ્ય(મેમ્બર બોર્ડ ઓફ મેનેજમેન્ટ) અને મેડિકલ ફેકલ્ટી ડીન ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી ઈકબાલ કડીવાલા, T&TV નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ શ્રી કિરણ દોમડિયા, નર્સિંગ એસો.ના સંજય પરમાર, બિપિન મેકવાન, વિરેન પટેલ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માલધારીનાં વેશમાં આરોપીઓને દબોચ્યા: રાજસ્થાનની ધરતી પર વરાછા પોલીસનું ગુપ્ત મિશન

। (માહિતી) સુરત, તા.૭ ।

રાજસ્થાનની ધરતી પર વરાછા પોલીસે માલધારીના વેશમાં ગુપ્ત મિશન હાથ ધરી આંગડીયા ચોરીના બે આરોપીઓને રૂ.૧૫.૫૬ લાખના હીરાના મુદ્દામાલ સાથે પકડ્યા હતા. સુરત પોલીસે ગુનો કરી ફરાર થયેલા આરોપીઓને દબોચવા માલધારીનો વેશ ધારણ કરી ૧૭ દિવસ સુધી દૂધ વેચ્યું, ગાયો ચરાવીને આખરે ગુનેગારોને આબાદ પકડવામાં સફળ થયા.

કેસની વિગત મુજબ વરાછા વિસ્તારમાં ગત તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ એક આંગડીયા પેઢીના કર્મચારીની નજર ચૂકવી બસમાંથી અંદાજે રૂ.૧૫ લાખના હીરા અને સોનાના દાગીનાની ચોરી કરી હતી. ફરિયાદ અને CCTV ફૂટેજ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે જાણવા મળ્યું કે આરોપીઓ રાજસ્થાન રાજ્યના રહેવાસી છે અને ગુનો આચર્યા બાદ તરત જ રાજસ્થાન ફરાર થઈ ગયા છે. રાજસ્થાનની ધરતી પર વરાછા પોલીસે માલધારીના વેશમાં ગુપ્ત મિશન હાથ ધરી આંગડીયા ચોરીના બે આરોપીઓને રૂ.૧૫.૫૬ લાખના હીરાના મુદ્દામાલ સાથે પકડ્યા હતા. સુરત પોલીસે ગુનો કરી ફરાર થયેલા આરોપીઓને દબોચવા માલધારીનો વેશ ધારણ કરી ૧૭ દિવસ સુધી દૂધ વેચ્યું, ગાયો ચરાવીને આખરે ગુનેગારોને આબાદ પકડવામાં સફળ થયા. કેસની વિગત મુજબ વરાછા વિસ્તારમાં ગત તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ એક આંગડીયા પેઢીના કર્મચારીની નજર ચૂકવી બસમાંથી અંદા-જે રૂ.૧૫ લાખના હીરા અને સોનાના દાગીનાની



ચોરી કરી હતી. ફરિયાદ અને CCTV ફૂટેજ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે જાણવા મળ્યું કે આરોપીઓ રાજસ્થાન રાજ્યના રહેવાસી છે અને ગુનો આચર્યા બાદ તરત જ રાજસ્થાન ફરાર થઈ ગયા છે. વરાછા પોલીસની ખાસ ટીમે ઘટનાને ગંભીરતા જાણી તરત જ ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને સ્થાનિક માહિતીના આધારે રાજસ્થાનમાં શોધખોળ કરવા ગામડાંના તટસ્થ વાતાવરણમાં સાવધાનીથી ભળવા માટે એક અનોખી રણનીતિ અપનાવી. ટીમે માલધારીનો દેશી વેશ ધારણ કરીને ગામમાં દૂધવાળા બની ફર્યા. દૂધ વેચવા અને ગાયો ચરાવવા નીકળતા હતા. શરૂઆતમાં આશ્ચર્ય અને શંકા સાથે જોવામાં આવેલી આ ‘દૂધ વેચનારી’ ટીમે સ્થાનિકો સાથે પશુપાલનની ચર્ચા કરી સ્થાનિક માહોલમાં ભળવાનું શરૂ કર્યું.

## અમદાવાદ શહેરમાં અસરગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી યુધ્ધના ધોરણે શરૂ

### તમામ નાના મોટા રોડ, રસ્તાઓ રિપેરીંગ, રીસરફેસીંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરાઈ

। (માહિતી) સુરત, તા.૭ ।

રાજ્યભરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના મોટા રોડ/રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને નુકશાન થયું છે.

નાગરિકોને યાતાયાતની સુવિધામાં કોઈપણ પ્રકારની તકલીફના પડે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા આદેશો આપ્યા છે, જેના ભાગરૂપે અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા અસર પામેલ માર્ગોના મરામતની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરાઈ છે.

અમદાવાદ શહેરમા ક્ષતિગ્રસ્ત થયેલા તમામ નાના મોટા રોડ, રસ્તાઓ રિપેરિંગ, રિસરફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોટ મિક્સ પ્લાન્ટમાંથી ડામરનો ઉપયોગ કરી રોડ રસ્તા સરખા કરવામાં આવી રહ્યા છે, જેમાં ઠક્કરનગર રોડ, શાહિબાગ, અસારવા, વલ્લભસદન, પાલડી ક્રોસ રોડ, વતન ગલી રોડ અમરાવાડી, વાડિલાલ હાઉસ મીઠાખળીનો સમાવેશ થયો છે.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો. ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમે તમારા પ્રયપાત્રના હ્રદયના ધહકારા સાથે સાથે મિલાવશો. હા, તમે પ્રેમમાં છો તેની જ આ નિશાની છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**તુલા (ર,ત) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

**મકર (ખ,જ) :**
આજે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. તમારી આસાપાસ શું થાય છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા ઓફિસમાં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

## બિહાર ચૂંટણી માટે ચૂંટણી પંચે શરૂ કરી તૈયારીઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

બિહારમાં વિધાનસભા ચૂંટણીની ધમધોકાટ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજકીય પક્ષોથી લઈને ચૂંટણી પંચ તમામ તૈયારીઓમાં લાગી ગાય છે. ચૂંટણી પંચે મતદાર યાદી જાહેર કરવાની તારીખ જાહેર કરી છે. પંચે કહ્યું કે, બિહારમાં પહેલી ઓગસ્ટે પ્રારંભિક મતદારી જારી કરવામાં આવશે.ચૂંટણી પંચ બિહારમાં આ વર્ષના અંતે વિધાનસભા ચૂંટણી યોજવા માટે તૈયારીઓ કરી રહ્યું છે. રાજ્યમાં અસલી મતદારોને ઓળખવા માટે ચૂંટણી પંચે ઊંડાણપૂર્વક પરીક્ષણ શરૂ કરાવ્યું હતું. જેમાં મતદારોએ યાદીમાં સામેલ થવા માટે 'ઈન્યૂમરેશન ફોર્મ' ભરીને જમા કરાવવાનું છે. ચૂંટણી પંચે રવિવારે (૬ જુલાઈ) સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર કહ્યું છે કે, 'પહેલી ઓગસ્ટ-૨૦૨૫ના રોજ પ્રારંભિક મતદાર યાદી જાહેર કરવામાં આવશે. યાદીમાં તે મતદારોન નામ હશે, જેમણે 'ઈન્યૂમરેશન ફોર્મ' ભર્યા છે. ચૂંટણી પંચે કહ્યું કે, 'વર્તમાન મતદારોના દસ્તાવેજ જમા કરાવવામાં મદદ કરવા માટે અમે તમામ ઉપાયો કરી રહ્યા છીએ. જે મતદારોએ પોતાનું 'ઈન્યૂમરેશન ફોર્મ' જમા કરાવ્યું છે, તેઓને પછી પણ દસ્તાવેજો જમા કરાવવા માટે સમય અપાશે.

## ઈરાન-ઈઝરાયલ સીઝફાયર બાદ પ્રથમ વખત ટ્રમ્પને મળશે નેતન્યાહૂ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ ૭ જુલાઈના રોજ સોમવારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. વ્હાઈટ હાઉસમાં યોજાનારી આ બેઠકમાં ગાઝામાં યુદ્ધવિરામના પ્રયાસો અને ઈરાન સંબંધિત મુદ્દાઓ પરચર્ચા થશે. નિષ્ણાતોનું માનવુ છે કે, ટ્રમ્પની આ બેઠક મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસનો એક ભાગ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર વરિષ્ઠ સલાહકાર અને સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના મધ્ય-પૂર્વના ડિરેક્ટર મોના યાકૂબિયને જણાવ્યું હતું કે, ડોનાલ્ડ ટ્રમ્પ ગાઝામાં સીઝફાયરને પ્રાથમિકતા આપી રહ્યા છે. આ મુદ્દો બંને નેતાઓની બેઠકમાં ચર્ચાશે. ટ્રમ્પ ઘણા દિવસોથી આ દિશામાં અનેક સંકેતો આપી રહ્યા છે. હમાસે પણ અમેરિકા દ્વારા પ્રસ્તાવિત યુદ્ધ વિરામ યોજના પ્રત્યે સકારાત્મક વલણ દર્શાવ્યું છે અને કહ્યું છે કે તે વાટાઘાટો માટે તૈયાર છે. આ યોજના બંધકોને મુક્ત કરવા અને સંઘર્ષનો અંત લાવવા પર વાટાઘાટોનો પ્રસ્તાવ રજૂ કરે છે. ટ્રમ્પે બેઠક મામલે અગાઉ જણાવ્યું હતું કે, હું નેતન્યાહૂ સાથે ઈરાન અંગે પણ ચર્ચા કરશે. મોના યાકુબિયનના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ અને નેતન્યાહૂ બંને ઈરાન પર સમાન વિચારો ધરાવે છે અને અગાઉ લશ્કરી કાર્યવાહી સાથે મળીને કરી ચૂક્યા છે.

### બર્મિંઘમમાં જીતનારી પહેલી એશિયન ટીમ

# બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની ૩૩૬ રનથી ઐતિહાસિક જીત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી ૨૦૨૫ની બીજી મેચ બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર રમાઈ હતી. જેમાં ભારતીય ટીમે ૩૩૬ રનથી જીત મેળવી હતી. આ મેચમાં ઈંગ્લેન્ડને જીતવા માટે ૬૦૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જેનો પીછો કરતી વખતે ઈંગ્લિશ ટીમ રમતના પાંચમા દિવસના બીજા સત્રમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.ભારતે પહેલીવાર બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર ટેસ્ટ જીત હાંસલ કરી છે. આ પહેલા જે ભારતે આ મેદાન પર ૮ મેચ રમી હતી, તેમાંથી સાતમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે એક મેચ ડ્રો ગઈ હતી. ભારતીય ટીમે આ મેદાન પર પહેલી ટેસ્ટ ૧૯૬૭માં રમી હતી, જેમાં ભારતની ૧૩૨ રને હાર થઈ હતી. હવે ભારતે ૫૮ વર્ષ બાદ જીત મેળવીને ઈતિહાસ રચી દીધો છે.આકાશદીપનો જાદૂ બંને ઈનિંગમાં જોવા મળ્યો. આકાશે પહેલી ઈનિંગમાં ચાર વિકેટ અને બીજી ઈનિંગમાં છ વિકેટ ઝડપી છે. સિરાજે ફર્સ્ટ ઈનિંગમાં છ અને બીજી ઈનિંગમાં એક વિકેટ પોતાના નામે કરી. જણાવી દઈએ કે, ભારતીય ટીમે પોતાની બીજી ઈનિંગ ૪૨૭/૬ના સ્કોર પર જાહેર કરી હતી. મેચમાં ભારતીય ટીમે પોતાની પહેલી ઈનિંગમાં ૫૮૭ અને ઈંગ્લેન્ડે પોતાની પહેલી ઈનિંગમાં ૪૦૭ રન બનાવ્યા હતા. પહેલી ઈનિંગના આધારે ભારતને ૧૮૦ રનોની મોટી લીડ મળી હતી.

### અભિનેતા-ગાયક દિનેશ યાદવનો ઉદ્ધવ-રાજ ઠાકરેને ખુલ્લો પડકાર

# ભોજપુરી બોલવા પર મને મહારાષ્ટ્ર બહાર કાઢી દેખાડોઃ દિનેશલાલ યાદવ ઉર્ફે નિરહુઆ

### આ સાથે અભિનેતાએ ભાષાને લઈને લોકોની વચ્ચે વૈમનસ્ય પેદા કરવાના પ્રયાસોની પાછળ ખરાબ રાજકારણ હોવાનો આક્ષેપ લગાવ્યો છે

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મરાઠીને લઈને રાજ ઠાકરેની પાર્ટી મનસે ફરી એક વાર વિવાદમાં આવી છે. અભિનેતા અને ગાયક દિનેશલાલ યાદવ ઉર્ફે નિરહુઆએ ઉદ્ધવ-રાજ ઠાકરેને ભોજપુરી બોલવા પર તેમને મહારાષ્ટ્રમાંથી બહાર કાઢી મૂકવાનો પડકાર ફેંક્યો છે. અભિનેતાએ કહ્યું કે, 'હું ખુલ્લો પડકાર આપી રહ્યો છું.



હું મરાઠી બોલતો નથી. હું ભોજપુરી બોલું છું અને મહારાષ્ટ્રમાં જ રહીશ. તમે ગરીબ લોકોને કેમ બહાર કાઢી રહ્યા છો? જો હિંમત છે તો મને બહાર કાઢો. હું તમને પડકાર આપી રહ્યો છું.'

આ સાથે અભિનેતા નિરહુઆએ ભાષાને લઈને લોકોની વચ્ચે વૈમનસ્ય પેદા કરવાના પ્રયાસોની પાછળ ખરાબ રાજકારણ હોવાનો આક્ષેપ લગાવ્યો છે. બીજી તરફ, મનસેના નેતા યશવંત કિલેદારે અભિનેતા નિરહુઆને ઉત્તર ભારતમાં બેસીને આવી ટિપ્પણી કરવાને બદલે મહારાષ્ટ્રની મુલાકાત લેવાનો પડકાર આપ્યો છે. કિલેદારે કહ્યું કે તેમને પોતાના પડકાર અંગે ખબર પડી જશે અને મનસેના કાર્યકરો તેમના ગાલ પર ઘા કરશે. શિવસેના યુબીટીના નેતા અને પૂર્વ મેયર કિશોરી પેડનેકરે કહ્યું કે કોઈએ પણ હિંસાનો આધાર લેવો જોઈએ નહીં અને બંને નેતાઓ (ઉદ્ધવ અને રાજ)એ પોતાની સ્થિત સ્પષ્ટ કરી દીધી છે.




નવી દિલ્હીમાં સંરક્ષણ ખાતા વિભાગ (DAD)ના નિયંત્રકોના પરિષદમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ઉપસ્થિત રહ્યા હતાં.

## અલ્ટો કાર ખીણમાં ખાબકી, ૪ લોકોના ઘટના સ્થળે મોત

। (એજન્સી) કુલ્લૂ, તા.૭ ।

હિમાચલ પ્રદેશના કુલ્લૂ જિલ્લામાં આજે રવિવારે (૬ જુલાઈ) ગંભીર અકસ્મતાની ઘટનામાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપ જ્યા છે. જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી છે.


અકસ્માતની ઘટનામાં રોહતાંગ પાસ નજીક રાહનીનાલ ખાતે કાર રોડ પરથી લપસીને ઊંડી ખીણમાં ખાબકી હતી. મનાલીના DSPએ જણાવ્યું કે, અલ્ટો કારમાં કુલ પાંચ લોકો સવાર હતા. ઘટનામાં ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યારે ચાર મૃતકો હજુ સુધી ઓળખ થઈ નથી. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખૂએ અકસ્માતની ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું અને ઈજાગ્રસ્તને યોગ્ય સારવાર સુવિધા પૂરી પાડવા જણાવ્યું છે. મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું કે, ઘાયલ વ્યક્તિ જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાથના કરુ છું અને દિવંગત આત્માઓને ભગવાન પોતાના ચરણમાં સ્થાન આપે.' મળતી માહિતી મુજબ, ચોમાસાની ઋતુમાં વરસાદી માહોલ વચ્ચે રસ્તો લપસણો હોવાનું કહેવાય છે.

### ગમે ત્યારે થઈ શકે છે વિશ્વ યુદ્ધ : નીતિન ગડકરી

# સુપરપાવર દેશોની તાનાશાહીના કારણે હાલમાં સંઘર્ષનો માહોલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ત્રીજું વિશ્વ યુદ્ધ થવાની આગાહી કરી છે. તેમણે એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં વર્તમાન જિઓ-પોલિટિકલ ક્રાઈસિસને ધ્યાનમાં લેતાં ગમેત્યારે વિશ્વ યુદ્ધ થવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, મહાસત્તા ધરાવતા દેશોની તાનાશાહી અને સરમુખત્યારશાહીના કારણે વિશ્વમાં શાંતિ, પ્રેમ અને એકતા દૂર થઈ રહી છે. ગમે ત્યારે વિશ્વ યુદ્ધ થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. નીતિન ગડકરીએ નાગપુરમાં બિયોન્ડ બોર્ડર્સ



નામના પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, હાલ ચાલી રહેલા બે યુદ્ધ (રશિયા-યુક્રેન, ઈરાન-ઈઝરાયલ)ના કારણે ગમે ત્યારે વિશ્વ યુદ્ધ થવાની સંભાવના વધી છે.

ગડકરીએ રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-ઈરાન યુદ્ધનું ઉદાહરણ આપતાં કહ્યું કે, આ યુદ્ધે અનેકના જીવ લીધા છે. વિશ્વ અને રાષ્ટ્રીય અર્થતંત્રોને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે. વિશ્વમાં વધી રહેલી એડવાન્સ ટેક્નોલોજી અને ચાલી રહેલા યુદ્ધ તથા તણાવના કારણે વિશ્વમાં લોકોની સુરક્ષા કરવી મુશ્કેલ બની રહી છે. માનવ મૂલ્યોને જાળવવામાં પણ પડકારો નડી રહ્યા છે.

ગડકરીએ ભારતના સાંસ્કૃતિક વારસાના વખાણ કરતાં કહ્યું કે, ભગવાન બુદ્ધની ધરતી ભારતે વિશ્વને અહિંસા, શાંતિ અને સત્યનો સંદેશ આપ્યો છે, વિશ્વના લોકો સુધી પહોંચાડ્યો છે.

### પરિવારના વધુ એક ૧૮ વર્ષીય યુવકે આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું

# યુપીમાં એક જ પરિવારમાં છેલ્લાં ૧૭ વર્ષમાં ૧૦ લોકોનો આપઘાત

। (એજન્સી) મેનપુરી, તા.૭ ।

ઉત્તરપ્રદેશના મેનપુરીમાં એક પરિવારમાં છેલ્લા ૧૭ વર્ષમાં ૧૦ લોકોએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવ્યું છે. પરિવારના ૧૮ વર્ષીય યુવક જિતેન્દ્રે આપઘાત કરી લેતા આ અંગેની ચર્ચા વધી છે.

એક જ પરિવારમાં આપઘાતની ઘટનાઓને લીધે ગામ લોકો પણ ભયભીત થઈ ગયા છે. પોલીસના કહેવા મુજબ, આ ઘટના સકત ગામની છે. મૃતકના દાદા હીરાલાલે જણાવ્યું કે મારો પૌત્ર જિતેન્દ્ર સવારે ૧૦ કલાકે ઘરથી ભોજન લઈને ખેતર તરફ નીકળ્યો હતો. જિતેન્દ્રે કહ્યું હતું કે જાંબુ ખાવા જઈ રહ્યો છું, થોડા સમયમાં પરત આવી જઈશ. તડકો વધુ છે એટલે બહેનનો દુપટ્ટો લઈ જઈ રહ્યો છું. જોકે, એ ઘણો સમય પસાર થયો છતાં ઘરે પરત આવ્યો નહીં. એટલે મારો પુત્ર રામબરન(મૃતકના પિતા) ખેતરો તરફ શોધવા નીકળ્યો હતો. જોકે, બપોરે બે કલાકે સૂચના મળી કે નજીકના દહેડ ગામના સીમાડાની પાસેના એક ખેતરમાં વૃક્ષ પર દુપટ્ટાથી લટકી રહ્યો છે. આ ઘટનાના સમાચાર મળતાં રડતા-રડતા જ યુવકની માતા ચીસો પાડીને કહી રહી હતી કે ભગવાને મારા પુત્રને કેમ ઉપાડી લીધો. થોડા દિવસ પહેલા જ પુત્રી જતી રહી, મારો દિયર પણ જતો રહ્યો અને હજુ કેટલા લોકોને ભગવાન મારશે. એમ કહેતા-કહેતા યુવકની માતા બેભાન થઈ ગઈ હતી. આ મામલામાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી અને જરુરી કાર્યવાહી કરીને યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે. ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળ પરથી નમૂનાઓ એકત્ર કર્યા છે. પોલીસના કહેવા મુજબ, જમીનથી લગભગ સાત ફૂટ ઉપર ડેડબોડી લટકી રહી હતી. પ્રાથમિક તપાસમાં મામલો આપઘાતનો લાગી રહ્યો છે.

# યુએઈએ ગોલ્ડન વિઝાના નિયમ બદલ્યાં, નાગરિકતા મેળવવી થઈ સરળ

### યુએઈમાં લાંબા ગાળાના રોકાણની મંજૂરી મળશે સંપૂર્ણ પરિવારને સાથે લઈ જવાની પરવાનગી મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

મુસ્લિમ દેશ સંયુક્ત આરબ અમીરાત (UAE) એ તેના વિઝા નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. તેનાથી ભારતીયો માટે ત્યાં ગોલ્ડન વિઝા મેળવવાનું સરળ બન્યું છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) સરકારે નોમિનેશન પર આધારિત એક નવા પ્રકારનો ગોલ્ડન વિઝા રજૂ કર્યો છે. તેમાં કેટલીક શરતો હશે જે દુબઈમાં મિલકત અથવા વ્યવસાયમાં મોટી રકમનું રોકાણ કરવાની વર્તમાન પ્રક્રિયાથી અલગ હશે. અત્યાર સુધી, ભારતીયો માટે દુબઈનો ગોલ્ડન વિઝા મેળવવાનો એક રસ્તો મિલકતમાં રોકાણ કરવાનો હતો. તેનું મૂલ્ય ઓછામાં ઓછું રૂ. ૪.૬૬ કરોડ હોવું જોઈતું હતું અથવા તો યુએઈમાં સંચાલિત વ્યવસાયમાં મોટી રકમનું રોકાણ કરવાની શરત હતી.પરંતુ હવે લાભાર્થીઓ અને પ્રક્રિયા સાથે સંકળાયેલા લોકોએ જણાવ્યું હતું કે નવી નોમિનેશન-આધારિત વિઝા નીતિ હેઠળ, ભારતીયો હવે લગભગ રૂ. ૨૩.૩૦ લાખની ફી




ચૂકવીને આજીવન UAE ગોલ્ડન વિઝાનો લાભ મેળવી શકશે. તેમણે કહ્યું કે ત્રણ મહિનામાં ૫,૦૦૦ થી વધુ ભારતીયો આ નોમિનેશન-આધારિત વિઝા માટે અરજી કરશે. આ વિઝા ટેસ્ટના પ્રથમ તબક્કા માટે ભારત અને બાંગ્લાદેશની પસંદગી કરવામાં આવી છે. ભારતમાં નોમિનેશન-આધારિત ગોલ્ડન વિઝાના પ્રારંભિક ફોર્મનું પરીક્ષણ કરવા માટે Raed Group નામની કન્સલ્ટન્સીની પસંદગી કરવામાં આવી છે. Raed Groupના મેનેજિંગ ડિરેક્ટર Raed Kamal Ayub એ જણાવ્યું હતું કે ભારતીયો માટેં છઈનો ગોલ્ડન વિઝા મેળવવાની આ એક સુવર્ણ તક છે. રાએદ કમાલે કહ્યું કે જ્યારે પણ કોઈ અરજદાર આ ગોલ્ડન વિઝા માટે અરજી કરશે.

### હથિયારોના બજારમાં પોતાના ફાઈટર જેટ વેચવા ચીનનો કારસો

# ચીન રાફેલને બદનામ કરવા દૂતાવાસોનો ઉપયોગ કરે છે : ફ્રાન્સનો ગુપ્ત રિપોર્ટ

### ભારત-પાકિસ્તાનના સંઘર્ષમાં ફ્રાન્સના રાફેલના દેખાવ, ફાઈટર જેટ તોડી પાડવાના પાકિસ્તાનના દાવા અંગે પૂછપરછ વધી

। (એજન્સી) પેરિસ, તા.૭ ।

ચીન તેના દૂતાવાસો મારફત ફ્રાન્સના ફાઈટર જેટ રાફેલ વિરુદ્ધ દુષ્પ્રચાર કરી રહ્યું છે અને ફાઈટર જેટની ક્ષમતા પર શંકા ઊભી કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. વિશેષરૂપે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં થયેલા ઘર્ષણ પછી ચીન દ્વારા આ દુષ્પ્રચારમાં વધારો થયો છે. ચીન રાફેલ ફાઈટર જેટની સરખામણીમાં પોતાના ફાઈટર જેટ વધુ સારા હોવાનો દાવો કરી રહ્યું છે તેમ ફ્રાન્સના એક ગુપ્ત રિપોર્ટમાં જણાવાયું છે.રિપોર્ટ્સ મુજબ ચીનના દુતાવાસોમાં તૈનાત ડિફેન્સ અતાશે વિવિધ દેશોને રાફેલ ફાઈટર જેટ નહીં ખરીદવા પર ભાર મૂકી રહ્યા છે. વિશેષરૂપે ઈન્ડોનેશિયાને મનાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, જે રાફેલ જેટ ખરીદવા પર વિચાર કરી રહ્યું છે. એટલું જ નહીં ચીન તેના ફાઈટર જેટનો પ્રચાર કરી રહ્યું છે અને વિવિધ દેશો પર તેને ખરીદવા માટે દબાણ કરી રહ્યું છે.પહલગામ આતંકી હુમલા પછી મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ભયાનક સંઘર્ષ થયો હતો,



જેમાં મિસાઈલો અને ફાઈટર વિમાનોનો ઉપયોગ કરાયો હતો. સૈન્ય નિષ્ણાતો હવે એ બાબતની માહિતી મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે ચીનમાં ઉત્પાદિત ચીની બનાવટના પાકિસ્તાની ફાઈટર જેટે ભારતના રાફેલ વિરુદ્ધ કેવો દેખાવ કર્યો હતો. પાકિસ્તાનનો દાવો છે કે તેણે ભારતના પાંચ ફાઈટર જેટ તોડી પાડયા હતા, જેમાં ત્રણ રાફેલ જેટનો સમાવેશ થાય છે. જોકે, ફ્રાન્સની એરફોર્સના પ્રમુખ જનરલ જેરોમ બેલેંજરે કહ્યું કે, ભારતે સંભવતઃ ત્રણ ફાઈટર જેટ ગુમાવ્યા હતા, જેમાં એક રાફેલ, એક સુખોઈ અને એક મિરાજ ૨૦૦૦નો સમાવેશ થાય છે.ફ્રાન્સે હજુ સુધી જેટલા પણ દેશોને રાફેલ ફાઈટર જેટ વેચ્યા છે, તેમાં પહેલી વખત રાફેલ નિશાન બન્યું હોવાની વાત સામે આવી છે. બેલેંજરે કહ્યું કે, ફાઈટર વિમાન તૂટી પડયું હોય તો આ અંગે એ દેશને સવાલ પૂછાવો જોઈએ. ફ્રાન્સની હથિયાર નિકાસમાં મોટો હિસ્સો રાફેલ અને તેની સાથેના પાટ્ર્સનો છે. ફ્રાન્સના અન્ય દેશો સાથે સંબંધો સારા કરવાનું મુખ્ય સાધન છે.

### નાદારીની કાર્યવાહી માટે

# EDએ જપ્ત કરેલી સંપત્તિને મુક્ત ન કરી શકાયઃ NCLAT

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT)ના એપેલેટ ટ્રિબ્યુનલે એક મહત્ત્વપૂર્ણ આદેશમાં જણાવ્યું હતું કે ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (IBC) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની ઉપરવટ નથી અને ઈડી દ્વારા જપ્ત કરાયેલી કંપનીની સંપત્તિને નાદારીની પ્રક્રિયા માટે મુક્ત કરી શકાય નહીં. NCLATએ જણાવ્યું હતું કે IBCની કલમ ૧૪ હેઠળ રિઝોલ્યુશન માટે સંપત્તિઓ પર મોરેટોરિયમ લાગુ કરવામાં આવે છે, પરંતુ જો મિલકત ગુનાની આવક હોવાનો આરોપ હોય અને કાયદા હેઠળ સક્ષમ અધિકારીના ન્યાયક્ષેત્ર હેઠળ હોય તો આવી મિલકતને મુક્તપણે ઉપલબ્ધ રિઝોલ્યુશન સંપત્તિનો ભાગ ગણી શકાય નહીં. એપેલેટ ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે જો પીએમએલએ હેઠળ ઈડીએ સંપત્તિ જપ્ત કરી હોય અને કોર્ટે તેને માન્ય રાખી હોય તો તેને આઈબીસી હેઠળ પૂર્વવત્ કરી શકાતી નથી. IBCની કલમ ૨૩૮ અન્ય કાયદાઓથી ઉપરવટ છે, પરંતુ તે ગુનાની આવકને લગતી કાર્યવાહીના સંદર્ભમાં PMLAને ઓવરરાઈડ કરી શકતી નથી. ED લેણદાર તરીકે નહીં, પરંતુ કાયદા અમલીકરણ એજન્સી તરીકે કાર્ય કરે છે. જપ્ત કરાયેલી સંપત્તિઓ લેણદારોની માગણી સંતોષવા માટે નથી, પરંતુ તે FATF અને UN સંમેલનો હેઠળ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને જાળવી રાખવા માટે છે. ટ્રિબ્યુનલે NCLATના આદેશને માન્ય રાખ્યો હતો. દુનાર ફૂડ્સના રિઝોલ્યુશન પ્રોફેશનલે NCLATના આદેશ સામે કરેલી અપીલની સુનાવણી કરતાં એપેલેટ ટ્રિબ્યુનલે આ આદેશ આપ્યો હતો. NCLATએ આ દેવાગ્રસ્ત કંપનીની કામચલાઉ રીતે જપ્ત કરેલી સંપત્તિઓ મુક્ત કરવા માટે ઈડીને આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો. ૨૨ ડિસેમ્બર ૨૦૨૭એ NCLATની મુંબઈ બેન્ચે દુનાર ફૂડ સામે નાદારીની કાર્યવાહી ચાલુ કરવાનો આદેશ આપ્યો હતો. આ કંપની બાસમતી રાઈસના પ્રોસેસિંગ અને નિકાસનો બિઝનેસ કરે છે. કંપનીએ રૂ.૭૫૮.૭૩ કરોડની લોનનું રિપેમેન્ટ ન કરતાં એસબીઆઈની આગેવાની હેઠળની બેન્કોના કોન્સોર્ટિયમે નાદારીની પ્રક્રિયા માટે અરજી કરી હતી. આ દરમિયાન ઈડીએ દુનાર ફૂડ્સની સહયોગી કંપની પીડી ડી એગ્રોપ્રોસેસર્સ સામે તપાસ ચાલુ કરી હતી.

## મહેસાણાના મોટપ નજીક ઊભેલા ટ્રેલરને બીજા ટ્રેલરે ટક્કર મારતાં બેનાં કરૂણ મોત



। (એજન્સી) મહેસાણા, તા.૭ ।

મહેસાણા-મોઢેરા રોડ પર મોટપ ચોકડી નજીક શનિવારે રાત્રે એક ટ્રેલરના ચાલક અને મિકેનિક ટાયર રીપેર કરતા હતા ત્યારે પાછળ બીજા ટ્રેલરે ટક્કર મારી દેતાં સર્જાયેલા અકસ્માતમાં બંનેનું મોત નિપજ્યું હતું. આ બાબતે મોઢેરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મોરબીથી ટાઈલ્સ ભરીને નિકળેલું રાજસ્થાન પાસિંગનું ટ્રેલર શનિવારે રાત્રે દસેક વાગ્યે મોટપ ચોકડીથી મોઢેરા તરફ ૧૦૦ મીટર જેટલું દૂર એગ્રો પાઈપ નામની કંપની આગળ પહોંચ્યું હતું ત્યારે ટાયરની બેરિંગમાં કોઈ ખામી સર્જાતાં ટ્રેલર ઊભુ રાખી ચાલક આસમખાન અને મિકેનિક સંદિપ સમારકામ કરતા હતા. દરમિયાન પાછળથી આવેલા બીજા રાજસ્થાન પાસિંગના ટ્રેલરના ચાલકે ઊભેલા ટ્રેલરને ટક્કર મારી દેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં સમારકામ કરી રહેલા ચાલક અને મિકેનિકનું મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં ટ્રેલરમાંથી વેરાયેલા કોલસા નીચે દટાયેલા મૃત ચાલકને કલાકો બાદ બહાર કાઢવામાં આવ્યો હતો. મોઢેરા પોલીસે બંને મૃતદેહોનું મહેસાણા સિવિલ હોસ્પિટલમાં પીએમ કરાવી અકસ્માત બાદ નાસી ગયેલા ટ્રેલરના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોન્ટ્રાક્ટરની બેદરકારી નહીં ચલાવાય : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

# ગુજરાતમાં માર્ગો-પુલો-હાઈવેનું યુદ્ધના ધોરણે રિપેરિંગનો આદેશ

## મુખ્યમંત્રીએ ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા હાઈવે, ગ્રામીણ અને શહેરી માર્ગો તેમજ પુલોની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમીક્ષા કરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા હાઈવે, ગ્રામીણ અને શહેરી માર્ગો તેમજ પુલોની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમીક્ષા કરી હતી. તેમણે યુદ્ધના ધોરણે રિપેરિંગ કામગીરી હાથ ધરીને માર્ગોને પુનઃ પૂર્વવત કરવા અને કામોમાં ગુણવત્તા જળવાય તેની ખાતરી કરવા અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી.



મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટે વરસાદ બંધ થવાની રાહ જોવી જોઈએ નહીં. તેમણે તાકીદ કરી હતી કે, "વરસાદ વગરનો કે ઓછો વરસાદ હોય તેવો એક પણ દિવસ વ્યર્થ ન જાય અને રજાનો દિવસ હોય તો પણ પ્રજાના હિતમાં રિપેરિંગ કામગીરી ચાલુ જ રહે." આ દિશાનિર્દેશો દર્શાવે છે કે સરકાર માર્ગોની સ્થિતિ સુધારવા માટે કેટલી ગંભીર છે.

મુખ્યમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે, "જે કામોમાં ડિફેક્ટ લાયાબિલિટી પિરિયડ દરમિયાન નુકસાન થયું હોય કે, મરામતની જરૂર પડી હોય તેવા કિસ્સામાં કોન્ટ્રાક્ટરની જવાબદારી ફિક્સ કરીને પગલાં લેવાવા જ જોઈએ." આ સૂચન ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાના કામો સામે લાલ આંખ કરવા સમાન છે. તેમણે કામો ગુણવત્તાયુક્ત થાય તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો. બેઠકમાં રાજ્યની મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમિશનરો પણ વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા. મહાનગરોમાં રસ્તા, અંડરબ્રિજ અને વોટર લોગિંગ જેવી સમસ્યાઓ જ્યાં છે, ત્યાં ઝડપથી મરામત કામગીરી હાથ ધરવા સૂચનો કર્યા હતા. એટલું જ નહીં, શહેરોમાં આ સમસ્યાઓના લાંબાગાળાના નિવારણ માટેના ઉપાયો હાથ ધરવાનું આયોજન કરવા પણ સૂચન કર્યું હતું.

NHAI, માર્ગ અને મકાન વિભાગ, પંચાયત, નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે સંકલન સાધીને ટીમવર્કથી કામગીરી કરવાના સૂચનો કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાવા, પુલો-નાળા-કોઝવેને નુકસાન કે ડામર રોડને નુકસાન જેવી બાબતો તાત્કાલિક ધ્યાન પર લેવાવી જોઈએ. આ હેતુસર, ગાંધીનગરમાં નિર્માણ ભવન ખાતે કાર્યરત ૨૪૮૭ કંટ્રોલ રૂમને માહિતી મળે કે તરત જ સંબંધિત અધિક્ષક, કાર્યપાલક, નાયબ ઈજનેરને સ્થળ પર જઈને મરામત માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. રાજ્યના માર્ગો, પુલો અને હાઈવેની પ્રવર્તમાન સ્થિતિ અંગે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જે માર્ગોને વરસાદને કારણે અસર થઈ છે ત્યાં મોટા ભાગે સ્ટ્રક્ચર અને બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. ૨૪૩ જેટલા પુલો પર આવી કામગીરી હાથ ધરી તેના ડાયવર્ઝનનું સતત મોનિટરિંગ કરાઈ રહ્યું છે.

NHAIના અધિકારીઓએ જણાવ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન નેશનલ હાઈવેને જે ૮૩ કિલોમીટરમાં નુકસાન થયું છે તેમાંથી ૫૮ કિલોમીટરમાં મરામત કામ પૂર્ણ થઈ ગયું છે અને બાકીના ૨૫ કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે.

રાજ્ય સરકાર નાગરિકોના જનજીવનમાં માર્ગોની મરામતોમાં વિલંબને કારણે કોઈ રૂકાવટ ન આવે અને કામો સમયબદ્ધ તેમજ ગુણવત્તાયુક્ત ધોરણે થાય તે માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

તેમણે સંબંધિત વિભાગોને તત્કાલ મરામત કામો હાથ ધરીને લોક અપેક્ષા સંતોષવા મુખ્યમંત્રીએ સૂચના આપી હતી.

### સપ્તેશ્વર સાબરમતી નદી અત્યારે બે કોઠે વહી રહી છે

## સાબરકાંઠા જીલ્લામાં સેલ્ફી લેવા જતા બે યુવાનોના મોત

### વારંવાર સાવચેત કરવા છતા અથવા નદી કિનારે ન જવું તેમ છતાં પ્રવાસીઓ ફોટા પાડવા માટે નદી કિનારે જતા હોય છે

। (એજન્સી) સાબરકાંઠા, તા.૭ ।

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થતાની સાથે જ મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. જેના કારણે રાજ્યની નદીઓ, ડેમ, તળાવોમાં નવા નીરની આવક થઈ છે. જેથી લોકો મોટા પ્રમાણમાં કુદરતી સૌંદર્ય માણવા માટે ફરવા માટે જઈ રહ્યા છે. ફરવામાં કુદરતી સૌંદર્ય માણવાની સાથે સેલ્ફી લેવી અને રીલ બનાવીને સોશિયલ મીડિયામાં મુકવાની મજા સજામાં પરિણમી છે. સાબરકાંઠા જિલ્લામાં સેલ્ફી લેવા જતા બે યુવાનોના મોત નીપજ્યાં છે. સપ્તેશ્વર સાબરમતી નદીમાં સેલ્ફી લેવા જતા એક યુવાનનો પગ લપસતા નદીના પ્રવાહમાં ગરકાવ થયો હતો. જ્યારે અન્ય એક બનાવમાં વિજયનગરના કણાદર નજીક ધોધ પર સેલ્ફી લેવા જતા યુવકનો પગ લપસતા મોત નીપજ્યું છે. ઉપરવાસથી વરસાદને કારણે સપ્તેશ્વર સાબરમતી નદી અત્યારે બે કોઠે વહી રહી છે. વારંવાર સાવચેત કરવા છતાં અથવા નદી કિનારે ન જવું તેમ છતાં પ્રવાસીઓ ફોટા પાડવા માટે નદી કિનારે જતા હોય છે. જ્યાં થોડું સંતુલન ગુમાવતા જાન ગુમાવવાનો વારો આવે છે. રવિવારે સપ્તેશ્વર સાબરમતી નદીમાં સેલ્ફી લેવા જતા યુવાનનો પગ લપસ્યો હતો. જેમાં ૩૦ વર્ષીય યુવાન પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. યુવાન મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના કટોસણ ગામનો હોવાનું સામે આવ્યું છે. હિંમતનગર, ઈડર, વિજાપુરની ફાયર ટીમ એસડીઆરએફ સહિત ૪૦ ફાયરમેન રવિવારથી આ યુવાનની શોધખોળ કરી રહ્યા હતા. ૧૨ કલાકથી વધુની શોધખોળ બાદ મહેસાણાના કટોસણના નિલેષ પરમાર નામના યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. બીજી તરફ વિજયનગરના કણાદર નજીક ધોધ પર સેલ્ફી લેવા જતા યુવકનો પગ લપસ્યો હતો.

# દિલ્હી દરવાજા પાસેનું શૌચાલય કોઈએ તોડી પાડ્યું

### અગાઉ નારણપુરામાં એક દુકાનની આગળ આવેલું સરકારી શૌચાલય ભાજપ યુવા મોરચાના કાર્કરો દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની બેદરકારીને કારણે સરકારી શૌચાલયો જોખમમાં મુકાયા છે. જેમાં દિલ્હી દરવાજા સ્થિત લીમડા ચોક ચાર રસ્તા નજીકનું સરકારી શૌચાલય કોર્પોરેશનની મંજુરી વિના કેટલાક લોકોએ તોડી પાડ્યું હતું. તે સમયે આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી અને મામલો દબાવી દેવાયો હતો. અગાઉ નારણપુરામાં એક દુકાનની આગળ આવેલું સરકારી શૌચાલય ભાજપ યુવા મોરચાના કાર્કરો દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. આમ હવે અમદાવાદમાં કેટલીક જગ્યાએ બારોબાર કોર્પોરેશનની મંજૂરી વિના શૌચાલયો તૂટી રહ્યાં છે. મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે આ અંગે જણાવ્યું હતું કે, ગત એપ્રિલ મહિનામાં શૌચાલય તોડવામાં આવ્યું હોવા અંગેનું મારા ધ્યાન ઉપર આવ્યું હતું. આ બાબતે અમે પોલીસ ફરિયાદ કરવા માટે થઈને પત્ર લખી દેવામાં આવ્યો હતો. પત્ર લખ્યા બાદ કોઈ કાર્યવાહી થઈ નથી, તે અંગે જાણ નથી. ત્યાં શૌચાલય હતું ત્યાં હવે નવું ફરીથી બનાવી દેવામાં આવશે. લોકોને જાહેર રોડ ઉપર શૌચાલયની સુવિધા મળી રહે તેના માટે અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં નાના શૌચાલય બનાવવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સ્વચ્છતા અને શૌચાલય બનાવવા માટે કહ્યું છે. જોકે, અમદાવાદમાં પરિસ્થિતિ કંઈક અલગ જ છે. શૌચાલય બનાવો નહીં, પરંતુ તોડો તેવી સ્થિતિ છે. નારણપુરા વિસ્તારમાં ભાજપના યુવા મોરચાના કાર્યકર્તા દ્વારા શૌચાલય તોડવાની ઘટનાને હજી એક અઠવાડિયું થયું છે, ત્યાં શહેરના દિલ્હી દરવાજા વિસ્તારમાં લીમડા ચોક નજીક ખૂણા પર આવેલું એક શૌચાલય પણ તોડી પાડવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આજુબાજુમાં નાના વેપારીઓ તેમજ અવરજવર કરતા રાહદારીઓ માટે શૌચાલય ખૂબ જ ઉપયોગી હતું.

સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે, શૌચાલયની બાજુમાં આવેલી દુકાન શાહપુર ભાજપના પ્રમુખના સંબંધીની છે. આ દુકાન ભાડે આપવામાં આવેલી છે. બે મહિના પહેલા શૌચાલય મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈ પણ મંજૂરી વિના તોડી નાખવામાં આવ્યું અને ત્યારબાદ આ દુકાન ૧૫ દિવસ પહેલા જ ભાડે આપવામાં આવેલી છે. આ દુકાન ભાડે આપવાની હતી, જેના કારણે થઈને આ શૌચાલય તોડી પાડવામાં આવ્યું છે. જ્યાં શૌચાલય હતું, ત્યાં આગળના ભાગે પેવર બ્લોક નાખી હાલમાં એક નાની કેબીન પણ બનાવી દેવામાં આવી છે, જે ગેરકાયદેસર હોવાની ચર્ચા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીઓ અને સ્થાનિક નેતાઓને પણ જાણ છે કે, આ કોના કહેવાથી તોડી પાડવામાં આવ્યું છે, પરંતુ આ મામલે કોઈ બોલતું નથી.

# ભુજના નાગોર રેલવે બ્રિજ નજીક પાણીના ખાડામાં ડુબવાથી બેના મોત

### આ ઘટનાની જાણ થતા સ્થાનિક લોકોએ ઘટનાસ્થળે પહોંચીને બંનેના મૃતદેહને બહાર કાઢ્યા હતા હાલ મૃતદેહને પીએમ અર્થે મોકલ્યા છે

। (એજન્સી) ભુજ, તા.૭ ।

ગુજરાતમાં ભારે વરસાદના પગલે નદીનાળા છલકાયા છે. જેના કારણે ડૂબવાની ઘટનાઓમાં બની રહી છે. આ દરમિયાન ભુજના નાગોર રેલવે બ્રિજ નજીક પાણીના ખાડા ડુબવાથી બેના મોત થયા છે. આ ઘટનાની જાણ થતા સ્થાનિક લોકોએ ઘટનાસ્થળે પહોંચીને બંનેના મૃતદેહને બહાર કાઢ્યા હતા. હાલ મૃતદેહને પીએમ અર્થે મોકલ્યા છે. મળતી માહિતી અનુસાર, મૃતકમાં ૧૬ વર્ષીય કિશોરી અને ૧૮ વર્ષીય યુવતી છે. હાલ મૃતદેહને પીએમ અર્થે મોકલ્યા છે અને આ મામલો પોલીસે તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, સાબરકાંઠામાં નાહવા ગયેલા બે યુવકો તણાયા હોવાની ઘટના બની છે. જેમાં એક યુવક સપ્તેશ્વર નદીમાં તણાયો છે, જ્યારે વિજયનગરમાં ધોધ પર સેલ્ફી લેવા જતાં યુવક ડૂબ્યો હતો. ઈડર તાલુકાના આવેલ સપ્તેશ્વર પાસેની સાબરમતી નદીમાં સેલ્ફી લેવા જતા નિલેશ દેવજીભાઈ પરમાર નામના યુવાનનો પગ લપસતા જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

### ખાનગીકરણના પહેલા દિવસે જ અવ્યવસ્થા જોવા મળી

# ૩૧ સ્મશાનોનું સંચાલન આજથી આઉટસોર્સિંગ દ્વારા શરૂ કરવામાં આવ્યું

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તમામ ૩૧ સ્મશાનોનું સંચાલન આજથી આઉટસોર્સિંગ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે, ત્યારે પ્રથમ દિવસે જ સવારે અવ્યવસ્થા જોવા મળી હતી. કારેલીબાગના ખાસવાડી સ્મશાન ગૃહમાં આવેલા લોકોને લાકડા અને છાણા માટે આમતેમ દોડવું પડ્યું હતું. લોકોએ પણ કોર્પોરેશનની આ પ્રકારની કામગીરી સામે નારાજગી દર્શાવી હતી. નિઝામપુરા સ્મશાન ગૃહ ખાતે અંતિમવિધિ માટે આવેલા લોકોને લાકડા ભીના મળ્યા હતા. જ્યારે છાણા અને પૂળા તો હતા જ નહીં. વિસ્તારના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરના કહેવા મુજબ કોર્પોરેશનને પ્રથમ ગ્રાસે મક્ષીકા જેવો ઘાટ થયો છે. કોઈપણ કામનો વર્ક ઓર્ડર આપતાં પહેલાં આગોતરો આયોજન કરવું જરૂરી હોય છે. આયોજન વિના લોકો કેટલા હેરાન થાય છે તેનો આ પુરાવો છે. ઉલ્લેખનીય છે કે કોર્પોરેશને શહેરના તમામ ૩૧ સ્મશાનોનું ૧૦.૪૩ કરોડના ખર્ચે આઉટસોર્સિંગ દ્વારા ત્રણ સંસ્થાને સંચાલન આજથી સોંપ્યું છે. કોર્પોરેશનના વર્તુળોએ જણાવ્યું હતું કે અત્યાર સુધી સ્મશાન ગૃહનો જે સ્ટાફ હતો.

### જામનગરના કાલાવડમાં કરુણાંતીકા

## શ્રમિક પરિવારનું દોઢ વર્ષનું બાળક રમતા રમતા પાણીની કેનાલમાં ડૂબી ગયું

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ડેરી ગામમાં રહીને ખેત મજૂરી કામ કરતા શ્રમિકના પરિવારમાં ભારે કરુણાંતિકા છવાઈ છે. શ્રમિક દંપત્તિ વાડીમાં ખેતી કામ કરી રહ્યું હતું, જે દરમિયાન તેનું દોઢ વર્ષનું બાળક રમતા રમતા પાણીની નહેરમાં પડી જતાં ડૂબી જવાથી તેનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે મૂળ દાહોદના વતની અને હાલ કાલાવડ તાલુકાના ડેરી ગામમાં રહેતા નરેન્દ્ર સિંહ હિંમતસિંહ જાડેજાની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા મહેશભાઈ ડામોર નામના શ્રમિક યુવાન પોતે પોતાની પત્ની સાથે વાડીમાં ખેતી કામ કરી રહ્યા હતા અને બાજુમાં દોઢ વર્ષનો પુત્ર મહેશભાઈ ડામોર કે જે રમી રહ્યો હતો દરમિયાન અકસ્માતે રમતા રમતા ખેતરની બાજુમાં આવેલી પાણીની નહેરમાં પડી જતા ડૂબી જવાના કારણે તેંનું કરુણ મૃત્યુ છે.

# વડોદરા બાદ હવે વેરાવળમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી મળી

### ધમકીભર્યા ઈમેલની જાણ થતાં કોર્ટ પરિસરને ખાલી કરી દેવામાં આવ્યું હતું અને સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

। (માહિતી) વડોદરા, તા.૭ ।

ગુજરાતના મોટા શહેરોમાં જેમાં ખાસકરીને અમદાવાદ, સુરત, અને વડોદરા જેવા મોટા શહેરોમાં છેલ્લા કેટલાક સમયથી બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ મળી રહી છે. શુક્રવારે (૭ જુલાઇ) વડોદરાની બે અલગ-અલગ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ હવે આજે (૭ જુલાઇ) ગીર સોમનાથ જિલ્લાના વેરાવળની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ધમકીભર્યા ઈમેલની જાણ થતાં કોર્ટ પરિસરને ખાલી કરી દેવામાં આવ્યું હતું અને સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર વેરાવળ કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ વિક્રમસિંહ ગોહિલને આજે વહેલી સવારે ઈમેલ દ્વારા કોર્ટને બોમ્બ વડે ઉડાવી દેવાની ધમકી મળી હતી. ધમકીભર્યા ઈમેલ મળતાં જ તેમણે સુરક્ષા એજન્સીને જાણ કરી હતી અને સુરક્ષાને ધ્યાને રાખી કોર્ટના જૂના બિલ્ડિંગને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. બોમ્બની ધમકી મળતાં કોર્ટ પરિસરમાં ભયનો માહોલ છવાયો છે.

